॥ ઓ૩મ્ ॥

હિંમત દંભ-દર્પણ

[દયાનંદ દંભ-દર્પણનો સવિસ્તર ઉત્તર.]

પ્રયોજક અને પ્રકાશક,

પં. કાશીશંકર ઓધડભાઈ શર્મા.

વિરમગામ.

પ્રથમાવૃત્તિ. વિક્રમાર્ક ૧૯૭૨. પ્રત ૩૦૦૦.

પત્ર પહોંચવા અર્થે સામટી મંગાવનાર માટે સો નકલનો
રૂ. ૧) પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું:-

પુસ્તકાધ્યક્ષ આર્યપ્રતિનિધિ સભા, મુ. પ્રદેશ
આર્યસમાજ મંદિર, કાકડવાડી, મુંબઈ, ૪.

શ્રી ગુજરાત પ્રીન્ટિંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું
પાંચકુવા, - અમદાવાદ.

કિંમત એક પૈસો.

આર્ય પ્રકાશ.

સાંસારિક તથા ધાર્મિક સુધારાનું, બાર વર્ષનું જુનું અને જાણીતું ગુજરાતી સાપ્તાહિક પત્ર–

સંસાર તથા ધર્મ સુધારાને લગતા, વિષયો પર અનેક વિદ્વાનોના લેખો આપી કેળવણી, હુન્નર ઉદ્યોગ, વિજ્ઞાન, અને સાહિત્ય સંબંધી પ્રશ્નોની ગંભીરપણે નિડર અને નિષ્પક્ષ ચર્ચા કરવું, તેમજ સાર્વજનિક સંસ્થાઓ, આધુનિક ભયંકર યુદ્ધ તથા દેશની બીજી અન્ય અગત્યની હિલચાલો સંબંધી સાપ્તાહિક સમાચારો આપવું, અને ગુજરાતમાં પ્રાચીન અર્વાચીન જાહેર જીવનની સૂચના કરનારું આ એકજ જાણીતું સુધારક સાપ્તાહિક પત્ર છે. દર વર્ષે એક ઈનામ ભેટ મળે છે. હિન્દુસ્તાન માટે વાર્ષિક લવાજમ રૂ. ૩) પોસ્ટેજ સાથે, અને દેશાવરમાટે રૂ. ૫) ૦)ના ની ટીકીટો મોકલવાથી નમુનો તુરત મોકલવામાં આવશે. ગમે તે માસથી ગ્રાહક થવાય છે. અગાઉથી લવાજમ મળ્યા સિવાય ગ્રાહક તરીકે નવું નામ નોંધી શકાશે નહિં. ઘણાકામાં ગામે ગામ હોંશથી વંચાતું હોવાથી જાહેર ખબર આપવા માટે આ પત્ર એક ઉત્તમ સાધન છે. બીજાં પત્રોના ફેલાવાના પ્રમાણમાં અમારા જાહેર ખબરના ભાવો ઘણાજ મધ્યમસરના છે. જાહેર ખબરનાં નાણાં પણ અગાઉથી જ લેવામાં આવે છે.

કાકડવાડી,
ગીરગામ—મુંબઈ.

પરભુભાઇ વ્હાલાભાઇ શર્મા.
મુખ્ય અધિપતિ તથા મેનેજર આર્યપ્રકાશ.

॥ ओ३म् ॥

હિંમત દંભદર્પણ.

સંસારમાં પ્રત્યેક મનુષ્યને એટલું તો જ્ઞાન હોવુંજ જોઇયે કે "હું જેની સાથે વાગ્યુદ્ધ અથવા શરીરયુદ્ધ કરવાનો છું અથવા કરૂંછું તો તેનામાં બળ કેટલું છે તેમજ મારામાં બળ કેટલું છે?" એવું જ્ઞાન જેનામાં નથી અને તે હિંમત કરીને કોઇની સાથે યુદ્ધ કરવાનું શરૂ કરે તો દિવા ઉપર હિમત કરીને પડવાથી જેવી પતંગિયાની દશા થાય છે તેવી તેની દશા થઇને અવશ્ય તે માર્યોજ જાય છે, એટલા માટે કોઇ વિદ્વાન્ કવિએ કહ્યું છે કે—

अयथा बलमारम्भो निदानं क्षयसम्पदः ॥

અર્થાત્ કોઇપણ મનુષ્ય પોતાના બલ કરતાં અધિક બલ જેમાં જોઇયે તેવાં કાર્યને આરંભ કરે તો તે મનુષ્ય અવશ્ય દુઃખને ભોગી થાય છે. બસ એજ પ્રમાણે અમદાવાદ નિવાસી ના. હિંમતલાલ વ્રજવલ્લભ વિમાવાળાની દશા થઇ છે. તેણે ત્રણ પાઇની હિંમતવાળું "દયાનન્દ દંભદર્પણ" નામનું પુસ્તક છપાવ્યું છે' તેમાં શ્રી० સ્વા० દયાનન્દ સરસ્વતીજીનો દંભ પ્રગટ કરવાની ચેષ્ટા કરી છે; પરંતુ તેથી ઉપર લખ્યા પ્રમાણે બિલકુલ તેની દીપપતંગવત્ દશા થઇ છે!!

હિંમતલાલે કમમાં કમ એટલો તો વિચાર કરવો હતો! કે જે ઋષિ દયાનન્દના ગ્રન્થો પર અને તેમની વિદ્વત્તા પર આક્ષેપ કરવાને હું ઉભો થયો છું, તો મારામાં સંસ્કૃતનું કેટલું જ્ઞાન છે? પરંતુ એ

વાતનો કાંઇ પણ વિચાર નહિ કરતાં કેવલ સૂર્યના ઉપર થુંકવાથી પોતાનુંજ મુખ ભિલડું હિંમતલાલે બગાડયુ છે! બીજું કાંઇજ નહિ.

જે ઋષિ દયાનન્દે સંસ્કૃતમાં વેદભાષ્ય લખ્યું તેમની ભૂલ કહા-ડનાર હિંમતલાલનામાં સંસ્કૃતનું કેટલું અગાધ જ્ઞાન છે તેનો થોડો એક નમુનો અમે પાઠકોને દેખાડિયે છીએ. એ નમુનો જોવાથી સંસ્કૃતની માર્ગોપદેશિકા માત્ર ભણેલો મનુષ્ય પણ હિંમતલાલના પાણ્ડિત્યનો સારી રીતે વિચાર કરી લેશે અને સમજી શકશે.

દયાનંદ દંભદર્પણના ટાઇટલ પેજ ઉપર હિંમતલાલે મંગલાચરણ કર્યું છે કે—

" ॥ ॐ श्री ॥ श्रीनृसिंहाय नमः ॥ हरिः ॐ ॥ "

ओमभ्यादाने એ પાણિનીય સૂત્રાનુસાર આરંભમાં "ओ३म्" એવી રીતે પ્લુત લખવું જોઇયે; પરંતુ "ॐ" લખ્યું છે તે અશુદ્ધ છે. એની આગળ "श्री" પદ લખ્યું છે તો તેને કઇ વિભક્તિ લગાવી છે એ વાતને કાશીના પંડિતો પણ જાણી શકવા મુશ્કેલ છે!! તેને તો ફક્ત હિંમતલાલજ જાણી શકતા હશે! આવા અમંગલાચરણની નીચે બીજી પંક્તિમાં લખ્યું છે કે—

" શ્રીમહાજ્યોતિઃ ચક્ર—પરિવર્તન પહેલું "

રૂપાવલિ, સમાસચક્ર ભણેલો સંસ્કૃતનો વિદ્યાર્થી પણ એટલી વાત જાણી શકે છે કે—" શ્રીમહાજ્યોતિઃ ચક્ર "—એ સામાસિક પદ છે; સમાસમાં વ્યાકરણને અનુસાર સંહિતા નિત્ય હોવી જોઇયે તો તેને અનુસરીને જ્યોતિઃ શબ્દની આગળ ચક્ર શબ્દ આવે તો વિસર્ગ ન રહેતાં વિસર્ગના સ્થાનમાં ષ્કાર થાય છે માટે ષ્કાર લખવો જોઇએ.

આજકાલ માર્ગોપદેશિકા ભણેલા ન્હાના ન્હાના વિદ્યાર્થીઓ પણ આ નિયમને તો જાણે છે કે- વિસર્ગની પછી ચ, છ, આવે તો વિસર્ગનો શ્, થાય છે; પરંતુ હિંમતલાલને તો એટલું પણ જ્ઞાન નથી કરે શું બિચારો! હિંમત તો તેનામાં ઘણીજ છે પરંતુ સંસ્કૃતનું તેને જરા-પણ જ્ઞાન નથી !!

જેનામાં વિદ્યા કાંઇપણ ન હોય પરંતુ લોકોમાં દેખડાવે કે "હું મોટો વિદ્વાન્ છું." એનુંજ નામ "દંભ" કહેવાય છે.

ઋષિ દયાનન્દજીએ સંસારમાં વેદભાષ્ય લખીને પોતાનાં સંસ્કૃતનું પાણ્ડિત્ય પ્રગટ કર્યું છે, જ્યારે હિંમતલાલે ત્રણ પાઇનું "દયાનન્દ દંભદર્પણ" લખીને પોતાનો દંભ સંસારમાં પ્રગટ કરી બતાવ્યો છે. હવે સર્વ સાધારણોનું કામ છે કે, ઋષિ દયાનન્દના વેદ ભાષ્યાદિક ગ્રન્થો જોઇને તેમનાં પાણ્ડિત્યને જાણે અને "દયાનન્દ દંભદર્પણ" જોઇને હિંમતલાલનો દંભ પણ સમજી લે; એટલાજ માટે અમે આ નાનકડાં પુસ્તકનુ "હિંમત દંભદર્પણ" એવું સાર્થક નામ રાખ્યું છે.

આજકાલ લોકો કોઇક વખતે એમ કહી દે છે કે-"આર્યસમાજી લોકો બીજાને કટુ શબ્દ કહીને દુઃખ લગાડે છે." પરંતુ એ પ્રમાણે કહેનારની બુદ્ધિ છે, કારણકે આર્યસમાજી મનુષ્ય પ્રમાણોથી પ્રતિપક્ષનું ખંડન કરે છે અને તે શાસ્ત્રીય રીતિ છે છતાં તેને ગાલી અથવા કટુ સમજવું એ તેની ભૂલ છે. विषादप्यमृतंग्राह्यम् એ ન્યાયાનુસાર હિંમતલાલના દંભદર્પણથી સર્વ સાધારણ મનુષ્યને એટનું વિદિત થશે કે "ઋષિ દયાનન્દ તથા આર્યસમાજથી ચિડવાઇને નાચ લોકો કેવી અસભ્યતા કરે છે!"

હિંમતલાલે દયાનન્દ દંભદર્પણના પ્રથમ ભાગની પ્રથમ આવૃત્તિમાં પાંચમે પાને ઋષિ દયાનન્દને " કૃતઘ્ન, બેઇમાન, નિમકહરામ, દુષ્ટ, " એ પ્રમાણે નીચ ગાળો દઇને પોતાનું કુલીનપણું દર્શાવ્યું છે! એટલાથીજ પાઠક વર્ગ સમજી લેશે કે " વેદ શાસ્ત્રાદિકોનાં પ્રમાણો કોણ બતાવે છે અને ગાળો કોણ દે છે ? " યદિ પાઠક વર્ગ અમારા આ નાનકડાં પુસ્તકને ધ્યાન દઇને વાંચશે તો તેઓને જ્ઞાત થશે કે ઋષિ દયાનન્દ તથા સમાજ ઉપર મિથ્યા આક્ષેપ કરવામાં હિંમતલાલે કેવું અને કેટલું સાહસ કર્યું છે ?

" એક વખતે દયાનન્દ સ્વામીને ભાંગ પીવાની ટેવ પડી ગઇ હતી " દં૦ દ૦ દ૦ પૃષ્ટ ૪—જ્યાં સુધી ઋષિ દયાનન્દના આત્મામાં વૈદિક ધર્મનો પ્રકાશ નહિ થયો હતો ત્યાં સુધી ભાંગ તો શું પરંતુ મૂર્તિપૂજા, મૃતકશ્રાદ્ધ પણ તે કરતા હતા તેમજ માનતા હતા, પણ વૈદિક ધર્મનો પ્રકાશ તેમના અંતઃકરણમાં થતાંની સાથેજ તે મૂર્તિપૂજા આદિ મિથ્યા આડંબરોને તેમણે છોડી દીધા હતા. તો પછી ભાંગ તો શું પરંતુ નિશા ઉત્પન્ન કરવાવાળા પ્રત્યેક પદાર્થને છોડી દઇને " बुद्धिं लुम्पति यद्द्रव्यं मदकारि तदुच्यते " એ મનુસ્મૃતિના પ્રમાણથી સર્વ નિશાવાળા પદાર્થોનું પોતાના સત્યાર્થ પ્રકાશમાં ખંડન કર્યું છે.

સ્વામીજીના જીવન ચરિત્રમાં લખ્યું છે કે—" સ્વામી દયાનન્દ સરસ્વતીજીએ એક મૂર્તિપૂજક પહાડી રાજાને ત્યાંનું ભોજનનું આમંત્રણ સ્વીકાર્યું નહિ. " એ વાત પર હિંમતલાલે એટલા તો બખાળા કર્યા છે કે સન્નિપાતગ્રસ્ત મનુષ્ય પણ એવા બરાડા પાડે નહિ. હિંમતલાલનામાં કોઇપણ વાક્યનો અભિપ્રાય સમજવાની શક્તિ ધરાવનારી બુદ્ધિજ નથી. સ્વામીજી મૂર્તિપૂજાનું ખંડન મહા બલપૂર્વક કરતા હતા

તો તે માટે મૂર્તિપૂજકોથી વિષપ્રયોગ થવાની સંભાવના રહેતી હતી, માટે તેમનું ભોજનનું આમંત્રણ ન સ્વીકાર્યું. એ વાત તેમના જીવન ચરિત્રથી સ્પષ્ટ થાય છે કે તેઓને કઈક સ્થાનો પર વિષ આપવામાં આવ્યું હતું પરંતુ તેતે સમયે ઇશ્વરની કૃપાથીજ તેઓ બચી ગયા હતા.

સ્વામીજીના જીવનચરિત્રમાં લખ્યું છે કે—" સ્વામીજીએ ગોમાંસ ભક્ષક લોકો પાસેથી સધું લઇને રસોઈ કરાવી " આ ઉપર હિંમતલાલ બહુજ કુદાકુદ કરે છે અને લખે છે કે " સ્વામીજીએ ગોમાંસ ભક્ષકોનું અન્ન ખાધું. " એ વાત તેની વાકૂછલ ભરેલી છે મુંબાઇ આદિ શહેરોમાં કંઇક મુસલમાન આદિ લોટ દાળ, ચોખા વગેરે વેચે છે અને સર્વ લોકો તેની દુકાનેથી ખરીદ કરે છે તેમ સ્વામીજીએ ખરીદીને લીધું હોય તો તેમાં હિંમતલાલને આટલુંબધું મસ્તક શૂલ કેમ થયું ? એ કાંઇ અમારી સમજમાં આવતું નથી. ઋષિ દયાનન્દજીને યોગાર્થ શરીરની રચના અને નાડીજ્ઞાનની આવશ્યક્તા હતી એટલા માટે તેઓએ મુડદાંનાં શરીરમાંથી નાડીઓનું જ્ઞાન મેળવ્યું. સન્યાસીની પાસે લોઢાંનો ચાકુ હોવો તે પણ હિંમતલાલને ઘણોજ અસહ્ય લાગ્યો છે, પરંતુ આજકાલ મઠાધીશ શંકરાચાર્યોનું તથા બીજા આચાર્યોનું સોના ચાંદીથી ભરપૂર વૈભવશાલિ ઐશ્વર્ય જોઇને હિંમતલાલની આંખો ધૃતરાષ્ટ્રના જેવી થઇ ગઇ છે એજ વાતનો અમને શોક થાય છે.

" યજુર્વેદ ભાષ્યના અંક ૪૮—૪૯ ના ટાઇટલ પેજપર છપાવ્યું પણ ખરૂં. એના આદિમાં ' श्रं मदेकाल्क्रैश्वगोजयति ' અને 'स्वस्तिश्रों' છપાયું છે. " આ લેખ હિંમતલાલનો બીલકુલ મિથ્યા છે. જે ટાઇટલ પેજપર છપાયું છે તે સ્વામીજી તરફથી નથી કિંતુ જે રાજાએ વેદભાષ્ય કરવામાં સ્વામીજીને મદદ આપી તે રાજાના

તરફથી છપાયું છે, પરંતુ તે વાત સમજવાની અથવા સમજીને લખવાની હિંમતલાલનામાં અક્કલજ નથી.

પાછી પૃ૦ ૬ માં હિંમતલાલે સ્વામીજીની ભાંગ પીવાની વાત છેડી છે; ભલા સ્વામીજીએ તો ભાંગ પીવી નિષિદ્ધ સમજીને છોડી દીધી, પરંતુ હિંમતલાલજીના ઉપાસ્યદેવ મહાદેવજી ભાંગના મોટા શોખીન છે માટે હિંમતલાલ તે મહાદેવજીને પણ તિલાંજલી આપે તો વધારે સારૂં.

આગળ પૃ૦ ૭ માં હિંમતલાલે સ્વામીજીના લેખમાં પરસ્પર વિરોધ બતાવ્યો છે, પરંતુ વિરોધ કોને કહે છે તેનું પણ જ્ઞાન તેને નથી. "સ્વામીજી અગ્નિદાહ કરેલાં મુડદાંની રાખ અને અસ્થિ ફેંકી દેવાનું અને દાટવાનું લખે છે. અને ધ્યાનને સમયે નાભિપ્રદેશમાં અથવા પીઠના મધ્ય ભાગમાં ચિત્તને લગાવીને એકાગ્ર કરવાનું લખે છે પરંતુ મૂર્તિપૂજક મૂર્તિને ઇશ્વર સમજીને તેની ઉપાસના કરે છે તે વાતનું સ્વામીજીએ ખંડન કર્યું છે" આ વાતમાં વિરોધ કાંઇ પણ નથી કારણ કે બન્ને વિષયો ભિન્ન ભિન્ન છે. એટલા માટેજ અમે કહિયે છીએ કે હિંમતલાલનામાં હિંમત તો ઘણી છે પરંતુ લખવાની બુદ્ધિ નથી.

ઇશ્વર સર્વકાલમાં વિદ્યમાન હોવાથી સ્વામીજી ઇશ્વરને ત્રિકાલ જ્ઞાની કહેવો એ સારૂં ન સમજ્યા-કારણ કે વર્તમાન, ભૂત અને ભવિષ્ય એ ત્રણ કાલ અમારે માટે છે કાંઇ ઇશ્વરને માટે નથી. ઇશ્વર તો સર્વ સમયમાં હોવાથી તેને માટે ભૂત, ભવિષ્ય, કાલ કેહેવા એ પાગલપણાની વાત છે.

સ્વામીજીએ જે આર્યના લક્ષણો લખ્યાં છે તે લક્ષણોથી યુક્ત આર્ય આર્યસમાજમાં હજારો છે પરંતુ હિંમતલાલ સ્વયમ્ અનાર્ય

હોવાથી સંસારમાં તેને કોઇપણ આર્ય દેખાતો નથી ! કેમકે અનાર્યને તો સર્વ અનાર્યજ જણાય છે.

હિંમતલાલ આર્યસામાજીક પંડિતોને લખે છે કે-"શાસ્ત્રાર્થ કરવા એ કાંઇ બચ્ચાંના ખેલ નથી જેને પુરૂં શુદ્ધ બોલતાં કે લખતાં વાંચતાંએ આવડતું ન હોય, સંસ્કૃતનો અક્ષર પણ સમજતો ન હોય, વેદ, સ્મૃતિ અને પુરાણ નજરે પણ જોયાં ન હોય, તો તેનું શ્રવણ, મનન કર્યાની તો આશાજ શી રાખવી ? ? ?" માલમ પડે છે કે હિંમતલાલે આ લેખ પોતે પોતાના ઉપર સમજીનેજ પશ્ચાત્તાપથી લખેલો હોવો જોઇયે; કેમકે તે સ્વયં સંસ્કૃતના દુશ્મન છે એ વાત તેણે "મહાજ્યોતિઃ ચક્ર" એ શબ્દ પુસ્તકના ટાઇટલ પેજપર લખીને સારી રીતે સિદ્ધ કરી બતાવ્યું છે; બીજાની પોલ ખોલવાનું નિમિત્ત કરીને પોતાનીજ મૂર્ખતા સંસારને કેમ દેખાડવી એ યદિ કોઇને શિખવું હોય તો તેમણે હિંમતલાલ પાસેથી શિખવું. હિંમતલાલે ક્યારે આર્ય સામાજીક પંડિતોની પરીક્ષા લીધી કે તેઓ સંસ્કૃત જાણતા નથી. બાઇ હિંમતલાલ ! પ્રથમ તમે તો "મહાજ્યોતિઃચક્ર" ને વાંચીને શુદ્ધ કરી લો ! પછી આર્યપંડિતોની પરીક્ષા લેવા આવજો.

છાંદોગ્યોપનિષદ્‌માં રૈકવમુનિએ જાનશ્રુતિને શૂદ્ર ઠરાવીને "હે શૂદ્ર !" એમ કહ્યું છે; જો એ વાત જોવી હોય તો છાં૦ ઉ૦ ચતુર્થાધ્યાયના બીજા ખંડમાં જોઇ લેવું. સ્વામી દયાનંદ સરસ્વતીજીએ સર્વ મનુસ્મૃતિને વેદાનુકૂલ માની નથી, પરંતુ હિંમતલાલ યદિ સર્વ મનુસ્મૃતિને માને છે તો-

द्वौ मासौ मत्स्यमांसेन त्रीन्मासान्हारिणेनतु ॥
औरभ्रेणाथचतुरः शाकुनेनाथपञ्चवै ॥

म० अ० ३ श्लो० २६८

માછલીનાં માંસથી બે માસ સુધી, હરણનાં માંસથી ત્રણ માસ સુધી, ઘેટાંનાં માંસથી ચાર માસ સુધી અને શકુનપક્ષીનાં માંસથી પાંચ માસ સુધી પિતરો સંતુષ્ટ રહે છે.

હિંમતલાલભાઇ ! તમને તો બધી મનુસ્મૃતિ માનનીય છે માટે જો તમારે સાચા સનાતનધર્મી બનવું હોય તો ઉપર જણાવેલાં પશુ-પક્ષિયોનાં માંસથી હંમેશાં આપના મૃત માતાપિતાઓની તૃપ્તિ કરતા રહેજો ! જો તેમ ન કરશો તો યાદ રાખજો કે તમે પણ આર્યસમાજી થઇ જશો !

આગળ હિંમતલાલ લખે છે કે "વળી વેદના મંત્રો અને સ્મૃતિના શ્લોકોના અર્થ પણ ફાવતા આવે તેવા મનગમતા કરે છે." સ્વામી આત્મસ્વરૂપ નાનકી અને પં૦ જવાલાપ્રસાદજી આદિ સનાતની પંડિતોએ પુસ્તકો બનાવ્યાં છે તેતો હજુ હિંમતલાલે જોયાં નથી ! બાકી તો માલમ પડી જાત કે મંત્રોના અર્થ બદલવાની લીલા તેઓએ કેવી કરી છે ? બીચારા હિંમતલાલને હજુએ પણ ખબર નથી કે અમારા પગોની નીચે હજુ કેટલું અંધારૂં છે ? જો સનાતની પંડીતોની અર્થ બદલવાની લીલા જોવી હોય તો અમોઘ ધ્વાન્તમાર્તણ્ડ અને દયાનન્દ તિમિર ભાસ્કર એ બેજ ગ્રંથ જોઇ લેવા એટલે બસ છે.

હિંમતલાલ પ્રસ્તાવનાના ૯ મા પાનામાં લખે છે કે "તેટલા માટે આર્યસમાજીઓના શાસ્ત્રાર્થને ધતિંગ સમજીને રસ્તોજ છોડી દેવો ઇષ્ટ છે." આતો હિંમતલાલે બહુજ સારી નવી યુક્તિ કહાડી કે—આર્યસમાજ સાથે શાસ્ત્રાર્થ કરવો એતો બહુ કઠણ કામ છે, એટલા માટે હિંમતલાલની પેઠે નાગા થઇ આર્યસમાજને દૂરથી ગાળો દીધા કરવી એજ સારૂં છે. પરંતુ હિંમતલાલભાઇ ! આર્યસમાજ સાથે

શાસ્ત્રાર્થ કરવાને માટે તો પ્રથમ શાસ્ત્રોનું જ્ઞાન જોઇયે છીયે. તમારા જેવા નિરક્ષર ભટ્ટાચાર્ય આર્યસમાજ સાથે શાસ્ત્રાર્થ કરતા તો દૂર રહ્યા પરંતુ સામા પણ આવી શકતા નથી ! ત્રણ પાઇની ચોપડી લખવા લાયકજ હિંમતલાલનામાં અક્કલ તો છે. એતો ઉત્તર હિન્દુસ્થાનના પંડતોએ કાંઇપણ અટ્ટસટ્ટ લખી રાખ્યું છે તો હિમતલાલ ત્રણ પાઇની ચોપડી પણ લખી શકે છે. નહિ તો એટલી પણ લખી શકતે નહિ. આટલે સુધી પ્રસ્તાવનાની સમીક્ષા સમાપ્ત થઇ.

હિમતલાલ લખે છે કે " સ્વામી દયાનન્દ સરસ્વતી કાપડી હતા. " એના ઉત્તરમાં અમે એટલું જણાવીશું કે સ્વામીજીની જ્ઞાતિ વિષે ગુજરાત કાઠીઆવાડમાં સાક્ષરોત્તમ સુપ્રસિદ્ધ વયોવૃદ્ધ વિદ્વાન્ મહાશય હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા પોતાના સ્વામીજી સાથેના અનુભવથી લખે છે કે—" હાલ કેટલાએક લોકો મહર્ષિના વતન તથા વર્ણ વિષે શંકા લઇને ગમે તેવી ગપ્પો મારે છે પરંતુ તેમની (સ્વામી શ્રીદયાનંદ સરસ્વતીજી) સાથે થયેલી વાતચિત ઉપરથી હું ખાત્રી આપુ છું કે તેઓ પૂર્વાવસ્થામાં સૌરાષ્ટ્ર માહેલાં મોરબી સસ્થાનના રહેવાસી હતા, અને જ્ઞાતિએ ઔદિચ્ય બ્રાહ્મણ હતા. આ વાત કોઇને ન કહેવા માટે તેમણે મને ફરમાવ્યું હતું, કેમકે તે ચર્ચાય અને તેમનાં સગાં વહાલાંના જાણવામાં આવે, તો તેઓ ત્યાં આવીને તેમને નકામો ત્રાસ આપે. "

વળી ૧૯૧૦ ના મે માસમાં અમારા એક મિત્ર કે જે માલિયા સ્ટેટના પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ હતા તેમને હમે આ સંબંધમાં ખાસ તપાસ કરવા માટે લખ્યું હતું, અને તેમણે જાતે તપાસ કરીને જણાવ્યું કે—" રામપુરા—નાના તેમજ મોટામાં કોઇ પણ વૃદ્ધ પુરૂષ કહેતો નથી કે ત્યાં ભજનહરિ નામનો કોઇ પણ કાપડી રહેતો હતો ! ! તે

(રામપુરા) ગામ કેવલ ૨૫–૩૦ ઘરનું છે અને ત્યાંના વૃધ્ધો તથા એક બે સાધુઓ પણ કહે છે કે તે ગામમાં કાપડીની વસ્તી હાલ નથી તેમજ છેલ્લાં તેમજ પહેલાં પણ કોઇ કાપડીનું ઘરજ નહતું. વળી તે મિત્રે ટંકારામાં તપાસ કરી જણાવ્યું કે—" ટંકારાના વૃદ્ધ પુરૂષો કહે છે કે–ત્રીસ વર્ષ ઉપર એક ડોસી સ્વામીજીના કુલની જીવતી હતી અને મહર્ષિ દયાનંદના પિતા બ્રાહ્મણ હતા તથા ટંકારામાં ગાયકવાડ સરકાર તરફથી થાણુદાર હતા તેમ ઘણાં પ્રતિષ્ઠિત વૃધ્ધો કહે છે."

કહો હિંમતલાલભાઇ ! હવે સંતોષ થયો કે નહિ ? સ્વામીજીના કુલ શીલની પરીક્ષા તો તેમની વિદ્યા તથા બુદ્ધિથી સંસારને વિદિતજ છે પરંતુ હિંમતલાલ જેવાનાં કુલશીલ જાણવાને માટે મનુસ્મૃતિમાં ઘણીજ સારી રીતે પરીક્ષા લખી છે જેમકે—મનુસ્મૃતિ અધ્યાય ૧૦ શ્લોક ૫૭ માં કહ્યું છે કે—

वर्णापेतमविज्ञातं नरं कलुषयोनिजम् ॥
आर्यरूपमिवानार्यं कर्मभिःस्वैर्विभावयेत् ॥ ५७ ॥

અર્થાત્ કોઇ મનુષ્ય નિચ કુલમાં ઉત્પન્ન હોવાથી અને વર્ણસંકર કહેવરાવવા યોગ્ય છે; પરંતુ આ વાત માલમ ન હોવાના કારણથી યદિ લોક તેને આર્ય કહેતા હોય તો તે નામ માત્ર આર્યની પરીક્ષા તેના કાર્યથી કરવી જોઇએ.

આગળનાજ શ્લોકમાં તે કાર્ય કયાં છે તે બતાવે છે જેમકે—

अनार्यता निष्ठुरता क्रूरता निष्क्रियात्मता ॥
पुरुषं व्यञ्जयन्तीह लोके कलुषयोनिजम् ॥ ५८ ॥

અનાર્યતા—પોતાના સ્વાર્થને માટે બીજાને હાની પહોંચાડવી, તેમજ નિષ્ઠુરતા એટલે કટુ ભાષણ કરવું જેમકે સ્વામી દયાનંદ સરસ્વતીજીને કૃતઘ્ન, બેઇમાન, નિમકહરામ આદિ અનેક અપશબ્દોથી પોતાનાં મુખની શોભા ઠીક વધારી છે. ઇત્યાદિ શ્લોકાન્તર્ગત દરેક લક્ષણ હિંમતલાલભાઇનામાં સ્પષ્ટ જણાય છે એટલે તેમની પરીક્ષા સહજ થઇ જાય તેમ છે.

સને ૧૮૭૫ ના સત્યાર્થ પ્રકાશમાં જે માંસથી હોમ કરવાનું લહીયાની ભૂલથી લખાઇ ગયું છે તે તો શ્રીસ્વામી દયાનંદજીએ દ્વિતીયાવૃત્તિમાં વેદ વિરૂદ્ધ હોવાથી સમજીને કહાડી નાંખ્યું છે; એ વાત જેને જોવી હોય તેઓએ તે સત્યાર્થ પ્રકાશની દ્વિતીયાવૃત્તિની ભૂમિકા જોઇ લેવી, પરંતુ હિંમતલાલના પ્રમાણભૂત સ્મૃતિ સૂત્રાદિ ગ્રંથોમાં પિતૃ યજ્ઞને નિમિત્ત જે શ્રૌત તથા સ્માર્તાગ્નિમાં માંસનો હોમ લખ્યો છે તેનો ઉત્તર હિંમતલાલ આ જન્મમાંજ અમને આપશે ખરા કે?

સ્વામી દયાનંદજીને માંસનો હોમ કરવાવાળા ઠરાવવા જતાં હિંમતલાલ પોતેજ સ્મૃત્યાદિ ગ્રંથોથી માંસના હોમ કરવાવાળા ઠરી ગયા છે. જુવો તમારા માનવગૃહ્યસૂત્રમાં—

असिपाणिर्गामाह ॥ पु० १ खं० ९ सू० १९

અર્થાત્ મધુપર્ક નિમિત્ત ગાયને મારવા માટે હાથમાં તલવાર લઇને યજમાન ગાયની સામે ઉભો રહી તેને કહે છે. કહો હિંમતલાલભાઇ! તમે તો કોઇ સૂત્રાદિનો અર્થ બદલતા નથી ને? ત્યારે ગૌહત્યા પણ આપના પ્રમાણ ગ્રંથોમાં ભરી પડેલી છે, છતાં પણ નિર્લજ થઇને, ગાયને સંરક્ષણ કરવા યોગ્ય માનવાવાળા સ્વામી દયાનંદજીને ગાળ દો છો, એ નીચતા કોની? ' **वयंकलङ्काश्रमाभूम.** ' એ

મહાભાષ્યના લેખાનુસાર વર્ણોનો સ્પષ્ટ ઉચ્ચાર ન કરનારને સ્વામીજીએ મ્લેચ્છ માન્યા છે: પછી ભલે તે મનુષ્ય આર્ય સમાજનો હોય અથવા બહારનો હોય; તો પછી એમાં હિંમતલાલે શું સ્વામી દયાનંદજીની ભૂલ કહાડી તે તો તેજ જાણે. હિંમતલાલ લખે છે કે "વળી ૧૪૮ મે પાને ગાયને ગધેડી બરાબર સમજી; એમ દયાનંદ સ્વામીએ લખ્યું છે." એ વાત બીલકુલ મિથ્યા છે. શ્રી સ્વામી દયાનંદજીએ ગાયોનો અધિકાર સર્વ પશુઓ કરતાં મોટો માન્યો છે. એ જેણે જોવું હોય તેણે સ્વામીજી કૃત ગો કરૂણાનિધિ નામનું પુસ્તક જોઇ લેવું. પૃષ્ટ ૧૪ છે આદિમાં જે કાંઇ લખ્યું છે તે ભૂલથી લખાયેલું હોવાથી તેને વેદ વિરૂદ્ધ સમજીને સ્વામી દયાનંદજીએ સત્યાર્થ પ્રકાશની દ્વિતીયાવૃત્તિમાંથી કહાડી નાંખ્યું છે, મનુસ્મૃતિ અને મહાભારતનાં વેદ વિરૂદ્ધ વચનોને સ્વામીજીએ સત્યાર્થપ્રકાશમાંથી કહાડી નાંખ્યા છે; પરંતુ હિંમતલાલના મતમાં તો 'મહાભારત એ પાંચમો વેદ છે અને મનુસ્મૃતિ અક્ષરશઃ પ્રમાણ છે તો પછી મહાભારતમાં લખ્યું છે કેઃ— ' यदन्नाः पुरुषा लोके तदन्नाः पितृदेवताः અર્થાત્ મનુષ્ય જે માંસાદિ પદાર્થ ખાય છે તેનોજ પિતરોની પણ તૃપ્તિ કરે, અને વળી મનુસ્મૃતિમાં લખ્યું છે કે—

ओषध्यः पशवो वृक्षास्तिर्यञ्चः पक्षिणस्तथा ।
यज्ञार्थे निधनंप्राप्ताः प्राप्नुवन्त्युत्सृतीःपुनः ॥ ४० ॥
मधुपर्केच यज्ञेच पितृ दैवत कर्माणि ।
अत्रैवपशवो हिंस्या नान्यत्रेत्यब्रवीन्मनुः ॥ ४१ ॥
एष्वर्थेषु पशून्हिंसन्वेदस्वार्थ विद्द्विजः ।

आत्मानंच पशुंचैव गमयत्युत्तमां गतिम् ॥ ४२ ॥

म० अ० ५ पू.

ઔષધિ, ગૌઆદિ પશુ, વૃક્ષ અને પક્ષી એ સર્વ યજ્ઞનિમિત્ત મારવાથી ઉત્કૃષ્ટ જાતિને પ્રાપ્ત થાય છે. ૪૦ મધુપર્ક, યજ્ઞ, પિતૃકર્મ અને દૈવત કર્મમાજ પશુઓની હિંસા કરવી જોઇએ, બીજાં કર્મમાં કદાપિ મારવાં નહિ, એમ મનુજી કહી ગયા છે. ૪૧

એ મધુપર્કાદિમાં પશુઓની હિંસા કરવાવાળો બ્રાહ્મણ વેદનું તત્વ સમજવાવાળો કહેવાય છે; ઉક્ત કર્મોમાં પશુઓની હિંસા કરનાર યજમાન પોતે પોતાને તથા તે મરી ગયેલાં પશુને ઉત્તમ ગતિ પ્રાપ્ત કરાવે છે. ૪૨

કહો હિંમતલાલભાઇ ! આર્ય સમાજ તો એ ઉપર્યુક્ત કસાઇ-ખાનાને પ્રક્ષિપ્ત સમજીને મનુસ્મૃતિમાંથી કહાડી નાંખે છે પરંતુ તમારે માટે તો એ સર્વ શ્લોક પ્રમાણિક છે, એટલા માટે નિત્ય મધુપર્કાદિમાં પશુઓનાં ગળાં કાપી કાપીને કસાઇઓના મોટાભાઇ અવશ્ય બનવું ! અને આપના સનાતનીભાઇઓને પણ આ વાતનો ઉપદેશ આપવાની હિંમત કરવી. બસ પછી એટલાથીજ સંસારને જ્ઞાન થઇ જશે કે, દયાનંદ સાચા દયાનંદ હતા અને તમે નિર્દયાનંદ છો !

હિંમતલાલ લખે છે કે—" સત્યાર્થ પ્રકાશની ૧૮૭૫ ની આવૃત્તિમાંની ઘણી ખરી બાબતો ત્યાર પછીની આવૃત્તિઓમાં નથી અને ઘણો ફેરફાર સુધારો વધારો કરી નાંખ્યો છે. છતાં ભૂમિકામાં તો જણાવ્યા કર્યું છે કે ભાષાન્તર શુદ્ધિ સિવાય કાંઇ ફેરફાર કર્યો નથી. એ તે કેવી લબાડી અને નરાતાલ જુઠાણું ? "

સત્યાર્થપ્રકાશની ભૂમિકા સમજવાની પણ હિંમતલાલનામાં

બુદ્ધિ નથી તો પછી શ્રી સ્વામી દયાનંદ સરસ્વતીજી કૃત વેદભાષ્યને તો તે કેવી રીતે સમજી શકે ? " ભાષાન્તર શુદ્ધિ સિવાય બીજો કોઇ ફેરફાર નથી કર્યો. " એમ સ્વામીજીએ ક્યાંયે પણ લખ્યું નથી. એ તો હિંમતલાલનો બીલકુલ મિથ્યાજ લેખ છે. સ્વામીજીએ ભૂમિકાના પ્રથમ પેરેગ્રાફમાં સ્પષ્ટ જે હિંદિમાં લખ્યુ છે તેનો આબેહુબ ગુજરાતી તરજુમો નીચે મુજબ છે.

" જે સમયે મેં આ ગ્રંથ ' સત્યાર્થ પ્રકાશ " બનાવ્યો હતો તે સમયે અને તેની પૂર્વે સંસ્કૃત ભાષણ કરવાના, પઠનપાઠનમાં સંસ્કૃતજ બોલવાની અને જન્મભૂમિની ભાષા ગુજરાતી હોવાના કારણથી મને આ ભાષાનું વિશેષ પરિજ્ઞાન નહતું; એથી ભાષા અશુદ્ધ બની ગઇ હતી. હવે ભાષા બોલવા લખવાનો અભ્યાસ થઇ ગયો છે એટલા માટે આ ગ્રંથને વ્યાકરણાનુસાર શુદ્ધ કરી, બીજી વાર છપાવ્યો છે. કહિ કહિ શબ્દ, વાકય, રચનાનો ભેદ થયો છે, તે કરવો ઉચિત હતો, કેમકે એનો ભેદ કર્યા વિના ભાષાન્તર પરંપારી સુધરવી મુશ્કેલ હતી; પરંતુ અર્થનો ભેદ કરવામાં આવ્યો નથી. બલ્કે વિશેષ તો લખવામાં આવ્યું છે. **હા. જે પ્રથમ છાપવામાં કહિ કહિ ભુલ રહી હતી તે કહાડી, શોધીને ઠીકઠીક કરવામાં આવી છે.** "

એ પ્રમાણે ભૂમિકાના ઉક્ત પેરેગ્રાફના અંતિમ વાકયથી સ્પષ્ટ જણાય છે કે સ્વામી દયાનંદજીને પ્રથમાવૃત્તિમાં જ્યાં જ્યાં વેદ વિરૂદ્ધ લેખ લખાયાની ભૂલ માલમ પડી તેને બીજી આવૃત્તિમાં તેઓએ કહાડી નાંખી હવે બોલો હિંમતલાલજી ! લબાડી તમારી ઠરી કે શ્રી સ્વામી દયાનંદજીની ?

એજ પ્રકારે સ્વામીજીએ જે જે ભાષા ગ્રંથોને કપોલકલ્પિત અર્થાત્ વેદશાસ્ત્રાદિ પ્રમાણ શૂન્ય કહ્યા છે તેને ત્યાગ કરવાનું લખ્યું છે; તેમાં પણ હિંમતલાલની બુદ્ધિ ચક્કર ખાઇ ગઇ છે.

સ્વામીજીએ સત્યાર્થ પ્રકાશાદિ ગ્રંથોમાં પ્રત્યેક સિદ્ધાન્ત વેદાદિ શાસ્ત્રોનાં પ્રમાણોથી વિભૂષિત કરીને લખેલ છે; એટલા માટે તે સિદ્ધાન્તો કપોલકલ્પિત થઇ શકતા નથી. કપોલકલ્પિત તે કહેવાય છે કે જેના વિષયમાં વેદાદિ શાસ્ત્રોનાં ક્યાંયે પ્રમાણ ન હોય, અર્થાત્ પોતાનીજ કલ્પનાથી ગ્રંથકર્તાએ સિદ્ધાન્તાભાસ ઠોકી બેસાડયા હોય. સત્યપ્રકાશમાં તો શ્રી સ્વામી દયાનંદજીએ જે વૈદિક સિદ્ધાન્ત નિશ્ચય કરીને લખ્યા છે તેને સમજવાની બુદ્ધિ પણ હિંમતલાલનામાં નથી ! તો પછી ખંડન શું કરી શકે તેમ છે ?

આગળ પૃષ્ઠ ૧૯ થી પૃષ્ઠ ૨૨ સુધી હિંમતલાલે નિયોગના વિષયમાં પોતાની કપોલ કલ્પના પણ કરેલી છે. સંતાન થઇને મરી જાય તો દશ સંતાન સુધીની વેદની આજ્ઞા છે. સંતાન જીવિત ન રહેતો પછી નિયોગ કરે; અર્થાત્ સંતાનના અભાવમાં બીજી વખતે નિયોગ કરવાનું લખ્યું છે. સંતાન થઇને જીવિત રહે તો દશ સન્તાન ઉત્પન્ન કરવાની કાંઇ આવશ્યકતા નથી. હિંમતલાલભાઇ ! તમારો પાંચમો વેદ મહાભારત જોઇને જરા હોશ સંભાળો ! તેમાં કુંતીએ અને માદ્રીએ નિયોગ વડે પાંચ સંતાન ઉત્પન્ન કર્યાં છે અને પતિવ્રતા દ્રૌપદીએ તો એકજ સમયે યુધિષ્ઠિરાદિ પાંચ પતિ કર્યા છે એ વાતોને શુ તમે ભૂલી ગયા કે ? સત્યાર્થપ્રકાશમાં સ્વામીજીએ ગર્ભવતીની સાથે નિયોગ કરવાનું ક્યાંયે પણ લખ્યું નથી.

મનુસ્મૃતિના એક શ્લોકને માનવો અને બીજાને ન માનવો એ તો હિંમતલાલના મતમાં પાપ છે. તો હિંમતભાઇ ! અમે મનુસ્મૃતિનો

એક શ્લોક અહિં લખીએ છીએ તે સમજી લેજો પછી ખબરદાર! આજથી કદાપિ નિયોગના વિષયમાં લાંબી ચોડી વાત કરીતો? જુઓ!

यस्तल्पजः प्रमीतस्य क्लीबस्य व्याधितस्यवा
स्वधर्मेणानियुक्तायां स पुत्रः क्षेत्रजः स्मृतः ॥ २६७ ॥

म० अ० ९

यो मृतस्य, नपुंसकस्य, प्रसवविरोधिव्याध्युपेतस्य भार्यायां घृताक्तत्वादिनियोगधर्मेण गुरुनियुक्तायां जातः स क्षेत्रजः पुत्रो मन्वादिभिः स्मृतः ॥ कुलुकभट्टीय टीका ॥

અર્થાત્ મૃત, નપુંસક, અને રોગાદિથી સંતાનોત્પત્તિ કરવામાં અસમર્થ (જેમ કે પાંડુ રાજા હતા.) પુરૂષની ભાર્યામાં ગુરૂની આજ્ઞા લઇને જે નિયુક્ત પુરૂષથી પુત્ર ઉત્પન્ન થાય છે તેને મનુ આદિ ઋષિઓ "ક્ષેત્રજ" પુત્ર કહે છે.

હિંમતભાઇ! ઉપરનો અર્થ વાંચીને સમજી લેજો. યદિ પાછા પણ જો નિયોગની વિરૂદ્ધ લખશો તો મનુ મહારાજની આજ્ઞા ભંગનું પાપ તમારે માથે રહેશે!

ભાઇ હિંમતલાલ! સ્વામીજી દયાનંદજી એ તો સ્મૃત્યાદિના આધારે નિયોગ લખ્યો પરંતુ તમારા દાદાગુરૂ વ્યાસજીએ તો ખાસ નિયોગ કરીને ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદૂરને પેદા કર્યા છે! જો જોવું હોય તો તમારો માનેલો પાંચમો વેદ મહાભારત છે તેમાં જોઇ લેજો.

આગળ જે શિખા રાખવી અથવા ન રાખવી તે વિષયમાં સ્વામીજીનો લેખ છે તેને પણ હિંમતભાઇ શાસ્ત્રાનભિજ્ઞ હોવાથી સમજ્યા નથી. મનસ્મૃતિમાં લખ્યું છે કે–

मुण्डो वा जटिलो वा स्यादथवा स्याच्छिखाजटः ॥

म० अ० २ ॥ २१४ ॥

મનુમહારાજે ત્રણ પ્રકારના વિકલ્પ દેખાડયા છે. જેમકે—મનુષ્ય ચાહે સર્વ શિર મુંડાવી નાંખે, ચાહે સર્વ શિરમાં કેશ રાખે અથવા કેવળ શિખા માત્ર રાખે. બસ, એ અનુસાર સ્વામીજીએ લખ્યું છે અને તે પણ પુરૂષોને માટેજ લખ્યું છે; કાંઇ સ્ત્રીઓને માટે નથીજ. હિંમતલાલ જેવા શાસ્ત્રવિમુખોએ વેદ વિરૂદ્ધ ઉપદેશ કરી કરીને જે વૈશ્ય તથા પાટીદારોનાં યજ્ઞોપવીત કઢાવીને શુદ્ર બનાવી દીધા હતા તેઓને ઋષિ દયાનંદે પોતાના સદુપદેશથી ફરીથી દ્વિજ બનાવી વેદાધિકારી બનાવ્યા છે; તો પણ એ વાતને ન સમજીને હિંમતલાલ ઉલટી સ્વામીજીને ગાળ દઇ દઇને કૃતઘ્ન બને છે.

પૃષ્ઠ ૨૦ માં લખ્યું છે કે—"સત્યાર્થ પ્રકાશના પૃ. ૭૭ મે પાને લખ્યું છે કે ઉત્તમ સ્ત્રી સર્વ દેશ તથા સર્વ જાતના મનુષ્યો પાસેથી ગ્રહણ કરવી. પણ ભાઇ હિંમતલાલ ? એ લેખ કાંઇ સ્વામીજીએજ લખ્યો છે, એમ નથી કિંતુ તમે જેને શિરતાજ માનો છો તે તમારા મનુ ઋષિ લખી ગયા છે જરા નીચે જુવો.

स्त्रियो रत्नान्यथोविद्या धर्मः शौचं सुभाषितम् ॥
विविधानि च शिल्पानि समादेयानि सर्वतः ॥

२४० म० अ० २

અર્થાત્ સ્ત્રી, રત્ન, વિદ્યા, ધર્મ, શુદ્ધિ, સારૂં ભાષણ, અને અનેક પ્રકારની કારીગરી, એટલું સર્વની પાસેથી ગ્રહણ કરવું. એ શ્લોકમાં પ્રથમ સ્ત્રીજ લખી છે. એ તો પ્રમાણ થયું. હવે આગળ

મનુસ્મૃતિના નવમા અધ્યાયમાં સર્વ પાસેથી સ્રીરત્ન ગ્રહણ કરવું જોઇએ તેનાં ઉદાહરણો મનુજી આપે છે-

अक्षमालीवासिष्ठेन संयुक्ताऽधमयोनिजा ॥
शारङ्गीमन्दपालेन जगामाभ्यर्हणीयताम् ॥

મ૦ અ૦ ૯ શ્લો. ૨૩

અક્ષમાલા નામની નીચ કુલોત્પન્ન સ્ત્રીની સાથે વસિષ્ઠે લગ્ન કીધાં હતાં અને શારંગી નામની નીચ જાતિની સ્ત્રીની સાથે મન્દપાલ ઋષિએ વિવાહ કર્યો હતો. તો પણ ઉત્તમ પતિના સહવાસથી બંને પણ નીચ કુલની સ્ત્રીઓ સંસારમાં શ્રેષ્ઠતાને પ્રાપ્ત થઇ હતી. હિંમતલાલ ! બસ હવે આટલેથીજ સમજી જજો ! એ નાનકડું પુસ્તક શું બનાવ્યું પણ માનો કે તમારે માટે અમે એક અદ્વિતીય ઔષધીજ બનાવી છે. એ પુસ્તકને આદ્યોપાન્ત જોઇને તમે હવે કદાપિ સન્નિપાતથી બકવાદ કરશો નહિ

પૃષ્ઠ ૨૨ માં હિંમતલાલ લખે છે કે "સ્વામી દયાનંદે સત્યાર્થ પ્રકાશમાં બ્રાહ્મણાદિ દ્વિજોને શૂદ્રના હાથથી રસોઇ કરાવીને ખાવાનું લખ્યું છે." પરંતુ એ લેખ સ્વામીજીએ આપસ્તંબ ઋષિના કથાનુસાર લખ્યો છે. જે કે—

आर्याधिष्ठाता वा शूद्राः संस्कर्तारः स्युः । आप० ६

અર્થાત્ આર્યોના ઘરમાં રેહેનાર શૂદ્ર હંમેશાં સ્નાનાદિ વડે શુદ્ધ થઇને રસોઇ બનાવવાનું કામ કરે. હવે વિચાર તો કરો કે સર્વ શૂદ્રોના હાથથી રસોઇ કરાવવાનું કામ આપસ્તંબે લખ્યું છે કે સ્વામીજીએ ? માલમ પડે છે કે આપસ્તંબધર્મસૂત્રનું નામ હિંમતભાઇએ સ્વપ્નમાં

પણ સાંભળ્યું નહિ હશે ! તો પછી પ્રત્યક્ષ જોવું તો દૂર રહ્યું. એજ પ્રકારે મનુજીએ પણ લખ્યું છે કે—

आर्धिकः कुलमित्रं च गोपालोदासनापितौ ॥

एते शूद्रेषुभोज्याना यश्चात्मानं निवेदयेत् ॥

મ૦ અ૦ ૪ શ્લો૦ ૨૫૩

ભાગે ખેતી કરવાવાળો, કુલ મિત્ર, ગોપાલ, દાસ, અને હજામ એટલા શૂદ્રોને હાથે બનાવેલી રસોઇ ખાવી જોઇએ. કહો હિંમતભાઇ! હજામના હાથનું પકાવેલું અન્ન ખાવાનું સ્વામીજીએ લખ્યું છે કે મનુ મહારાજે ? યદિ મનુજીએ લખ્યું છે અને તમે મનુજીને તમારા ગુરૂ માનો છો તો પછી ગુરૂજીની આજ્ઞાનુસાર હવે હિંમતભાઇ ! તમે હજામના હાથનું રાંધેલું ભોજન કર્યા કરો !

પૃષ્ઠ ૨૩ માં લખ્યા પ્રમાણે મનુષ્યનું માંસ મનુષ્યને ખાવાનું સ્વામીજીએ કોઇ પણ ઠેકાણે લખ્યું નથી. એ તો હિંમતલાલની વાક્ય સમજવામાં બુદ્ધિની મંદતાજ છે, ત્યાં અભિપ્રાય એવો છે કે:— મનુષ્યાદિનું માંસ કૂતરાં આદિ હિંસક પ્રાણી ખાય અને વ્યાઘ્રાદિ હિંસક પશુઓને રાજા મારે તો તેનું માંસ કોઇ મનુષ્ય ખાય તો હાનિ નથી, પરંતુ સંભવ છે કે તેનાથી માંસાહારી સ્વભાવ બની જવાની સંભાવના રહે છે, એટલા માટે મનુષ્યે કોઇનું પણ માંસ ખાવું નહિ એજ સારૂં છે, એ પ્રમાણે સ્વામીજીના લખવાનો અભિપ્રાય છે.

પૃષ્ઠ ૨૩ માં આગળ લખ્યું છે કે—" તે દયાનંદ સર્વથા અવિદ્વાન્ હતો, તે પોતાના લેખાનુસાર અસુર ઠર્યો ! " સ્વામી દયાનંદ કેટલા વિદ્વાન્ હતા તે તેઓનાં વેદભાષ્યાદિ ગ્રંથો પ્રત્યક્ષ કરીજ રહ્યા છે. એટલા માટે તેઓ તો દેવજ ઠરે છે પરંતુ " મહાજ્યોતિ: ચક્ર "

એવું લખનાર હિંમતલાલ તો અવશ્ય મૂર્ખ ઠર્યો છે; એટલા માટે અસુર પદવી તો હિંમતભાઇનેજ વધારે શોભા આપી શકે છે.

પૃ. ૨૪ માં તો હિંમતલાલે સ્વામીજીના "**મનસાપરિક્રમામન્ત્રાઃ**" એ પરતો બહુજ મૂર્ખતાનો નમુનો દેખાડયો છે. અમે તો કંઇવાર એટલાજ માટે લખ્યું છે કે હિંમતભાઇનામાં હિંમત તો ઘણી છે પરંતુ કોઇ વિદ્વાનના લેખનો ભાવાર્થ સમજવાની બિચારાનામા અક્કલ નથી. સંધ્યા સમયે પૂર્વ પશ્ચિમાદિ દિશામાં સર્વત્ર પરમાત્માને વ્યાપ્ત સમજી કેવળ આપણા મનનેજ પૂર્વ પશ્ચિમાદિ દિશાઓમાં ફેરવવાનું કહ્યું છે પશ્ચિમ દિશામાં પરમાત્મા છે એવું સમજીને આપણાં મુખને પશ્ચિમાદિ દિશાઓમાં ફેરવવાની કાંઇ આવશ્યકતા નથી; એ પ્રમાણેજ સ્વામીજીનો મનસાપરિક્રમા મંત્રોનો અભિપ્રાય છે, પરંતુ હિંમતભાઇનામાં સમજવાની શક્તિ નથી.

પૃષ્ઠ ૨૫ માં હિંમતભાઇ લખે છે કે "બ્રાહ્મણને જે ફલ ગાયત્રી મંત્રથી થાય છે તેજ શૂદ્રને દ્વાદશાક્ષરી મંત્રથી થાય છે." હિંમતભાઇ શાસ્ત્રોનાતો પક્કા દુશ્મનજ છે. યદિ તેમને શાસ્ત્રનું જ્ઞાન હોત તો અવશ્ય લખત કે અમુક શાસ્ત્રમાં શૂદ્રને માટે અમુક દ્વાદશાક્ષરી મંત્ર લખ્યો છે. યદિ ગાયત્રીમંત્ર અને દ્વાદશાક્ષરીમંત્રનું ફલ સમાન છે તો પછી બ્રાહ્મણ બનીને વેદનો ગાયત્રીમંત્ર જેવો ગૂઢાર્થવાળો મંત્ર ભણવાની કાંઇ પણ આવશ્યકતા નહિ રહી! એટલા માટે જ સ્વામીજીએ લખ્યું છે કે પરમાત્માએ જેને બુદ્ધિ આપી છે પછી તે ચાહે તે હોય પણ તેને વેદ ભણવાનો તથા જાણવાનો અધિકાર છે. જ્યાં સ્વામીજીએ બ્રાહ્મણનેજ સંન્યાસનો અધિકાર લખ્યો છે ત્યાં ગુણ કર્મવાળા બ્રાહ્મણનું ગ્રહણ છે. અને શૂદ્રને વેદનો તેમજ સંન્યાસનો અધિકાર નથી એમ જ્યાં લખ્યું છે ત્યાં ગુણ કર્મથી જે શૂદ્ર છે તેના માટે લખ્યું છે.

"સત્યાર્થ પ્રકાશ પાને ૭૫ માં **यथेमां वाचं.** એ મંત્રથી આપ મનુષ્ય માત્રને-(શુદ્ર, ભૃત્ય, સ્ત્રી અને અતિ શુદ્રાદિને) પણ વેદ જાણવાનો અધિકાર બતાવો છો; તો ભલે એમ માનો તો પક્ષી પશુઓને પણ વેદ કેમ નથી ભણાવતા ? આતો એવી વાત થઇ કે 'ટકે શેર ભાજી ટકે શેર ખાજાં,' ગોળ અને ખોળ એક ભાવે."

હિંમતભાઇ ! તમને એટલું પણ સમજાતું નથી કે પશુઓમાં વેદ સમજવાની બુદ્ધિજ નથી તો પછી તેને વેદ ભણવાનો અધિકાર ઇશ્વર કેવી રીતે આપી શકે ? મનુષ્ય માત્રને વેદ સમજવાની બુદ્ધિ છે એટલા માટેજ તેને વેદાધિકારની આજ્ઞા છે. શુદ્રને પશુતુલ્ય લખીને તમારા ગુરૂ સાક્ષરોત્તમ(·) સંઘવીજી કે જે તમારા સનાતન ધર્માનુસાર શુદ્ર છે, તેમને પણ તમોએ તો.........બનાવ્યા ! તમારા સનાતન ધર્માનુસાર તો '**कलावाद्यन्तयोः स्थितिः**' અર્થાત્ કલિયુગમાં બ્રાહ્મણ અને શુદ્ર બેજ વર્ણ છે તો તે અનુસાર હિંમતભાઇ ? તમે તથા પાટીદાર સાક્ષરોત્તમ સંઘવીજી બંને પણ શુદ્ર ઠરી ગયા ! શુદ્રને "**यथेमांवाचं०**" એ વેદના અક્ષરો લખવાનો અધિકાર નથી તો પછી તમે દયાનંદ દંભદર્પણમાં એ વેદના અક્ષરો કેમ લખ્યા ? સારૂં છે કે આ વખતે આદ્યશંકરાચાર્ય જીવિત નથી ! બાકી તો તમારા બંનેની જીભ કાપવાની તથા બંનેના કાનમાં સીસું ગરમ કરીને નાંખવાની આજ્ઞા ફરમાવી હોત !

હિંમતલાલ ! આર્યસમાજપરના દ્વેષાગ્નિથી બળતાં લખતી વખતે તમે એટલા તો બેહોશ બની જાઓ છો કે તમને ખ્યાલ પણ રહેતો નથી કે આપણા ગુરૂ શંકરાચાર્ય મારા જેવા શુદ્રને માટે શું લખી ગયા છે. અમે સાક્ષરોત્તમ(!) સંઘવીજીને પણ સવિનય કહિયે

છીયે કે, તેઓ પણ પોતાને પાટીદાર (શૂદ્ર) સમજતા હોય તો વેદોના વિષયમાં અનધિકાર ચેષ્ટા કરીને હિંમતલાલ (ફોનોગ્રાફ)નામાં ચાહે તેવા શબ્દો ભર્યા નહિ કરે.

અમને આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે, ગુજરાતમાં કોઇ બ્રાહ્મણજ નથી કે સંઘવી અને હિંમતલાલ જેવા શૂદ્રો (તેમના મત પ્રમાણે)ને આગળ કરે છે.

વેદાદિકારના સંબંધમાં વિશેષ જોવું હોય તો જુવો પૂર્વ મીમાંસાકાર લખે છે કે–

कर्तुर्वा स्थिति संयोगाद्विधिः कात्स्न्येन गम्यते ॥

पूर्व मी. अ. ६ पा. १

सिद्धान्तमाहकर्तुरिति–कात्स्न्र्येन कर्तुः यावदङ्गसहित प्रधानकर्त्तुर्विधिः॥ अधिकाराविधिः संयोगात् ॥ उक्तार्थेविधि तात्पर्यात् ॥ सेतिकर्तव्यताकप्रधानस्यैव प्रधानपूर्वजनकत्व बाधनादन्धादीनामाज्यावेक्षणादियावदङ्गानुष्ठाना संभवान्नाधिकार इतिभावः ॥ इति वृत्तिकारः ॥

અર્થ—પૂર્વ સૂત્રમાં એવો પ્રશ્ન કરવામાં આવ્યો છે કે યદિ યજ્ઞનો અધિકાર સર્વને છે તો શું આંધળા વગેરેને પણ છે ? એના ઉત્તરમાં જૈમિનિજી પોતાનો સિદ્ધાન્ત દર્શાવે છે કે–નેત્રાદિ અંગવાળાને અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર સર્વે જે નેત્રાદિ ઇન્દ્રિયો વડે યુક્ત હોય તે સર્વને યજ્ઞનો અધિકાર છે. કેમકે સર્વનો શ્રુતિ સાથે સંબંધ છે; ઇત્યાદિ. ઉક્ત જૈમિનિજીના કથનાનુસાર યાગાદિનો સર્વ મનુષ્યને

અધિકાર છે અને કોઇ પણ યાગ, વેદ વિના થતો નથી; એથી સિદ્ધ થાય છે કે વેદ ભણવાનો તથા જાણવાનો (સમજવાનો) સર્વને અધિકાર છે.

આગળ પૃષ્ઠ ૨૫ માં **नमस्ते** ના વિષયમાં લખ્યું છે કે—"સ્વામીજી કોઇને પણ **नमस्ते** લખતા તેમજ કરતા ન હતા." એ લેખ બીલકુલ મિથ્યા છે-સ્વામીજીએ સર્વ સામાન્યને માટે **नमस्ते** લખ્યો છે. યદિ કોઇ મોટો મનુષ્ય ન્હાના મનુષ્યને સંસ્કૃતના અન્ય શબ્દમાં **आशिर्वाद** દે અથવા લખે તો તેમાં દોષ પણ નથી. એટલા માટે સ્વામીજી કોઇ સંન્યાસી મહાત્માના સમાગમમાં **नमस्ते** અવશ્ય કરતા હતા. યદિ પં૦ ભીમસેનજીએ મુન્શી ઇન્દ્રમણિ અને સ્વામીજીના "**नमस्ते**" શબ્દના શાસ્ત્રાર્થનો ચુકાદો સ્વામીજીના વિરૂદ્ધ આપ્યો હતો તો સ્વયં પં૦ ભીમસેનજી પંદર વીસ વર્ષ સુધી આર્યોને **नमस्ते** શામાટે કરતા હતા ? આગળ હિંમતલાલનો એ લેખ તો ઠીકજ છે કે આર્યોના મસ્તક શુદ્ધ રહે છે; કાંઇ કાગ વિષ્ટા જેવી નિશાની તેમના મસ્તકમાં રહેતી નથી.

પૃષ્ઠ ૨૬ માં હિંમતભાઇ લખે છે કે "યજુ. ભાષ્યમાં અ. ૨૧ મં૦ ૫૨ માં સ્ત્રીની છાતી (સ્તન) પકડવાનો વિધિ લખી છે." એવા એવા મિથ્યા લેખોનું પ્રાયશ્ચિત્ત તો ઇશ્વરજ હિંમતલાલને કરાવશે. આતો બિલકુલ હિંમતલાલે મિથ્યા લેખ લખ્યો છે ! ઉક્ત મંત્રમાં સ્વામીજીએ ઉપમા અને વાચકલુપ્તોપમાલંકાર માન્યો છે અને મંત્રાર્થનો ભાવાર્થ એવો કહાડયો છે કે "જેમ કોઇ સારો વૈદ્ય પોતાના તથા બીજાનાં શરીરોની રક્ષા કરીને વૃદ્ધિ કરે છે અને કરાવે છે તેમ સર્વએ ધન રક્ષા કરીને તેની વૃદ્ધિ કરવી જોઇયે; કે જેથી આ સંસારમાં અતુલ સુખ પ્રાપ્ત થાય." એવો ભાવાર્થ સ્વામીજીએ

જે મંત્રાર્થમાંથી કહાડયો છે તે મંત્રાર્થ પણ સંક્ષેપથી અમે આ ઠેકાણે લખીયે છીયે કે જેથી પાઠકોને સમજવામાં સુગમતા રહે.

ભાષ્ય—

"હે વિદ્વાનો ! તમે જેવી રીતે મનોહર અને ઉત્તમતા પૂર્ણ કરવાવાળી પ્રાતઃ સાયં વેલા અથવા પરમઐશ્વર્યને નિમિત્તે આપેલી અન્નની આહુતિ, વિશેષ જ્ઞાન કરાવનારી સ્ત્રી, સુખ પૂર્ણ કરનાર સારા વૈદ્ય, ભણાવનાર તથા ઉપદેશ કરનાર સદ્ વિદ્વાન્ શુદ્ધ જલની સમાન પ્રકાશની રક્ષા કરે છે; તે પ્રમાણે શરીરમાં સ્તનોની જે ગ્રહણ કરવા યોગ્ય ક્રિયા છે તેને ધારણ કરો અને આ ધન ભરેલું છે એવા સંસારમાં ધનના સેવન કરવાવાળાને માટે ધન ધારણ કરો કે જેથી તે ઉક્ત પદાર્થો સર્વ સાધારણ મનુષ્યને પ્રાપ્ત થાય–હે ગુણોને ગ્રહણ કરનાર મનુષ્ય ! એવી રીતે તું સર્વ વ્યવહારોના સંગતિ કર્યા કર!"

અહા ! સ્વામીજીના લેખનો કેવો અત્યુત્તમ ભાવાર્થ છે તથાપિ હિંમતલાલે પોતાના કામીપણાથી વિપરીતાર્થ કરી દીધો ! જે પ્રકારે સાયંપ્રાતઃ વેલા અન્નની આહુતિયો પરમેશ્વરને માટે પોતાને ધારણ કરે છે, જેમ વિશેષ જ્ઞાન આપવાવાળી વિદુષી સ્ત્રીયો તે જ્ઞાન ધારણ કરે છે, જેમ વૈદ્ય રોગોને દૂર કરવાનું જ્ઞાન પોતાનામાં ધારણ કરીને રોગીઓને સુખ પહોંચાડે છે, તે પ્રમાણે શરીરમાં સ્તનો, કે જે પોતાનામાં દૂધ ધારણ કરીને પોતાના બાલકાદિને સમય પર દૂધ આપવાની ક્રિયા કરે છે, તો હે વિદ્વાનો ! તેમ તમે ધારણ કરો, અર્થાત્ જે પ્રકારે સ્ત્રી અથવા ગૌઆદિનાં સ્તન પોતાના શરીરમાંથી દૂધ ખેંચીને પોતે સ્તનમાં ધારણ કરે અને પોતાનાનાં બચ્ચાંને પાઇને પુષ્ટ કરે છે; એજ પ્રકારે વિદ્વાનોનું કામ છે કે સંસારમાંથી ઉદ્યોગ વડે ધનાદિ પદાર્થો પ્રાપ્ત કરીને સર્વ સાધારણને લાભ પહોંચાડે.

ભલા કોણ બુદ્ધિમાન્ કહી શકે છે કે આ ઠેકાણે સ્ત્રીની છાતી પકડવાનો વિધિ છે ? માલમ પડે છે કે હિંમતલાલ કામી હોવા જોઇયે; નહિ તો આમ અર્થનો અનર્થ કદાપિ કરત નહિ.

હિંમતલાલના કામીપણાનો બીજો નમુનો પણ પાઠકો આગળ મુકીએ છીયે. પૃ૦ ૨૬ માં હિંમતભાઇ સ્વામીજીના ભાષ્યની ભાષા લખે છે કે "યં૦ અ૦ ૨૧ મં. ૬૦ માં દયાનંદે પ્રાણ અપાનને માટે બકરા સાથે, વાણીને માટે મેંઢાં સાથે તથા પરમેશ્વર્યને માટે બેલની સાથે ભોગ કરો. હવે દયાનંદીઓને તો ખર્ચ પણ નહિ કરવો પડે અને લગ્ન કરવાની પણ જરૂર ન રહી ?" કોઇ કોઇ ગ્રંથમાં લેખકનો અભિપ્રાય સરલ હોવા છતાં પણ પોતાની નીચતાથી તેને નિંદિત કહેવું એ મહાપરાધ છે. હિંમતલાલે ભોગનો અર્થ મૈથુન કરીને સ્વામીજીના ભાષ્યના અર્થનો બિલકુલ અનર્થજ કર્યો છે. સંસ્કૃતમાં રાજાને "भूभुज" કહેવાય છે. તેનો અર્થ ભૂમી સાથે મૈથુન કરવાવાળો એવો અર્થ હિંમતલાલ શિવાય બીજો કોણ મૂર્ખ કરી શકે એમ છે ? આજ કાલ સર્વ મૂર્તિપુજકો બોલે છે કે ઠાકોરજીને ભોગ ધરાવ્યો છે તો શું કોઇ પણ મનુષ્ય તેનો એવો અર્થ કરી શકે કે, ઠાકોરજી અન્નાદિથી મૈથુન કરે છે ? મુંબાઇ જેવા શહેરમાં કોઇ વક્તા એમ કહે કે, આજકાલ શ્રીમાન્ લોક ગાડી, વાડી, લાડીના ભોગમાં એટલા ફસેલા છે કે તેઓને ધર્મની યાદ પણ આવતી નથી ? એ વાક્યમાં લાડી અર્થાત્ સ્ત્રીની સાથે ભોગનો અર્થ મૈથુન જો કે થશે પરંતુ કોઇ હિંમતલાલ જેવા બુદ્ધિહીન મનુષ્ય ગાડી અને વાડીની સાથે પણ ભોગનો અર્થ મૈથુન કરીને એમ લખે કે મુંબાઇના લોક ગાડી અને વાડીની સાથે મૈથુન કરે છે ? તો એ અર્થ કેટલો ગલીચ છે ? અમારી સમજમાં એવો અર્થ કરવાની બુદ્ધિ હિંમતલાલની તો નહિ હશે પરંતુ કોઇ સાક્ષરોત્તમની હોવી જોઇએ.

ખરેખરી રીતે તો એનો અર્થ અહિંયાં એમજ કરવો પડશે કે ગાડી ઘોડાનો ભોગ એટલે તે ઉપર સવારી કરવાનોજ લેવાય છે; અને વાડીનો ભોગ એટલે તેમાં બેસીને અથવા ફરીને હવા ખાવાનો જ અર્થ લેવાય છે.

જેમ અમે ઉપર ઉદાહરણ આપ્યું તદનુસાર સ્વામીજીના ભાષા ભાષ્યનો અભિપ્રાય એવો છે કે મનુષ્ય પ્રાણ અપાનના દુઃખ નાશ કરનાર છેરી નામના પશુથી, વાણીને માટે મેંઢાંથી, અને પરમેશ્વર્યને માટે બેલનો ભોગ કરે અર્થાત્ ઉપયોગ લે. સ્વામીજીએ વેદ ભાષ્યમાં ઉક્ત મંત્રના ભાવાર્થમાં સ્પષ્ટ કરી દીધું છે કે;—" જે મનુષ્ય છેરી આદિ પશુઓનું દૂધ આદિથી પ્રાણ અપાનની રક્ષાને માટે ચીકણા અને પકાવેલા પદાર્થોનું ભોજન કરીને ઉત્તમ રસોને પીને વૃદ્ધિ પામે છે, તે સારૂં સુખ પ્રાપ્ત કરે છે." અર્થાત્ બકરી આદિના દુધથી પકવેલા પદાર્થોનું ભોજન કરવું તેજ એ પશુઓનો ઉપયોગ છે. એજ પ્રમાણે બલદોથી ખેતીમાં અન્નાદિ પદાર્થોને ઉત્પન્ન કરીને ધનાદિ પરમેશ્વર્યને પ્રાપ્ત થવું એજ બલદોનો ભોગ અર્થાત્ ઉપયોગ છે એટલી પણ વાત જેની સમજમાં ન આવી તેને મનુષ્ય કોણ કહી શકે તેમ છે ?

હિંમતલાલભાઇ ! આર્યસમાજી લોક યજુર્વેદના ઉક્ત મંત્રાનુસાર પોતાના ગુરૂ સ્વામી દયાનંદની આજ્ઞાથી ખેતીઆદિમાં બલદ આદિ પશુઓનો ઉપયોગ તો કર્યા કરે છે અને અન્નાદિ ઐશ્વર્ય વધાર્યા કરે છે; પરંતુ તમારા ગુરૂ મહીધરાચાર્યના અર્થાનુસાર સ્વયં વર્તતા રહો અને બીજાઓને પણ ચલાવો ! જુઓ એજ મંત્રનો અર્થ કરતાં મહીધર શું લખે છે;—

अग्न्यादयो मेदस्तः मेदो वपामारभ्यतान् छागादीन् अक्षन् अभक्षयन् । किंच आश्विनौ सरस्वती सुत्रामा इन्द्रश्च सुरासोपानपुः । पीतवन्तः ॥

॥ महीधर भाष्य ॥

અર્થાત્ બે અશ્વિનીકુમાર, સરસ્વતી. સુત્રામા અને ઇંદ્ર એ સર્વેએ મેષાદિ પશુઓને તેની ચરબીથી આરંભ કરીને ખાઈ ગયા; અને મદિરા તથા સોમરસ પી ગયા.

હિંમતલાલભાઇ ! સાંભળ્યું ! આજથી તમે ગુરૂ મહીધરાચાર્યની આજ્ઞાનુસાર મેષની ચરબી કહાડી કહાડીને ઇન્દ્રાદિ દંપતીઓને ખવડાવીને પછી દારૂ પાયા કરજો; અને રહી સહી પ્રસાદી તમે પણ ચાખ્યા કરજો. અને તમારા લખ્યા પ્રમાણે આર્યસમાજી લોક પણ પોતાના ગુરૂની આજ્ઞાનુસાર મંત્રાર્થને વિચાર પૂર્વક સમજીને વર્તશે.

પૃષ્ઠ ૨૭ માં હિંમતલાલ લખે છે કે-" યજુ. અ. ૨૪ મંત્ર ૨૩ માં દયાનંદજીએ ઉલુક-ઘુવડ પાળવાનું લખ્યું છે; શી મઝાની વાત છે ? આખી દુનિયાં મેના, પોપટ, ચંડુલ, કબુતર, બુલબુલ, કાકાકૌવા, મોર, પાળે છે ત્યારે સ્વામીજી સબસે ન્યારા પંથ ચલાવવા વેદાનુકૂળ ઉલ્લુ પાળવાનું ફરમાવે છે. "

સ્વામીજીએ જે પ્રમાણે ઉલૂક પક્ષીથી લાભ લેવાનું લખ્યું છે તે પ્રમાણે કબુતર, મોર, પોપટ અને મેના આદિ અનેક પક્ષીઓની રક્ષા કરીને તેઓનાથી લાભ લેવાનું લખ્યું છે, પરંતુ હિંમતલાલની આંખો ઉલૂક પક્ષી જોવાને માટેજ ખુલ્લી થઇ હતી અને અન્ય

કપોત આદિ પક્ષિઓના નામ જોવાને માટેજ આંધળી થઇ ગઇ હતી તો તેમા અમે શું કરિયે ? જે મંત્રમાં હિંમતલાલને ઘુવડ શબ્દ દેખાયો તેજ મંત્રમાં મયુર અર્થાત્ મોર અને કપોત અર્થાત્ કબૂતર એ બને શબ્દ મંત્ર તથા સ્વામીજીના ભાષ્યમાં છે જેમ કે-**अग्नये कुटरूनालभते वनस्पतिभ्य उलूकानग्नीषोमाभ्यां चाषानश्विभ्यां मयूरान्मित्रावरूणाभ्यां कपोतान् ॥ अ० २४ मं० २३ ॥** એ કેમ નહિ દેખાયા એ એક આશ્ચર્યની વાત છે. બુલબુલ, કાકાકૌવા અને મેના આદિ અનેક પક્ષિઓના નામ એજ યજુ. અ. ૨૪ ના ભાષ્યમાં સ્વામીજીએ લખ્યાં છે, જેને જોવાં હોય તે ત્યાં જોઈ લે.

હવે આર્યસમાજી લોક પોતાના ગુરૂ સ્વામી દયાનંદજીની આજ્ઞાનુસાર ઉક્ત વેદ મંત્રનો અર્થ સમજીને ઉલૂક, મયુર, પોપટ અને કપોતાદિ પક્ષિઓની રક્ષા કરીને તેઓનાથી લાભ લેશે, પરંતુ હિંમતલાલ પોતાના ગુરૂ મહીધરાચાર્યની આજ્ઞાનુસાર ઉક્ત વેદ મંત્રથી દેવતાઓની પ્રસન્નતાને માટે મયુર, પોપટ અને કપોતાદિ પક્ષિઓને મારીમારીને યજ્ઞમાં નાંખશે ! ! મહિધરે ઉક્તમંત્રના ભાષ્યમાં ઉલૂક આદિ પક્ષીઓને બાંધી બાંધીને દેવતાઓને પ્રસન્ન કરવા માટે 'આલભન' કરવાનું લખ્યું છે. હિમતભાઇના સનાતન ધર્માનુસાર આલભન શબ્દનો અર્થ મારવાનો લખ્યો છે-ઉક્ત મંત્ર જે અધ્યાયમાં આવ્યો છે તે સંપૂર્ણ અધ્યાયના ભાષ્યમાં હિંમતલાલના હત્યારા ગુરુ મહીધર તથા ઉવટે આખો હત્યાકાંડજ ભરી દીધો છે ! ઉક્ત ૨૪ મા અધ્યાયમાં કુલ ૬૦૯ પ્રાણીઓ લખ્યા છે. સ્વામી દયાનન્દજીએ તો દયાળુ બનીને ઉક્ત અધ્યાયમાં સર્વની રક્ષા કરવાનું ભાષ્ય કર્યું છે; પરંતુ હિંમતલાલના ગુરુ ઉવટ અને મહીધરે તો કેવલ અરણ્યમાં રેહેવાવાળાં ૨૬૦ પશુઓને છોડી દેવાનાં લખ્યા છે અને બાકી રહ્યાં ૩૪૯ નિરપરાધી

પશુઓની હિંસા કરવાની પોતાના ચેલા હિંમતલાલ જેવા સનાતની-ઓને આજ્ઞા આપી છે?

આગળ હિંમતલાલભાઇ લખે છે કે—" યજુ૦ અ૦ ૨૫ મંત્ર ૧ માં સ્વામીજીએ જે અશ્લીલ શબ્દ લખ્યા છે, તેથી સહજ પ્રશ્ન થાય છે કે-દયાનન્દીઓ! કહો કે વેદ સત્‌શિક્ષક સંપૂર્ણ વિદ્યાઓનો ભંડાર છે કે કોઇ વ્યભિચાર શિક્ષક અને વર્ધક આધુનિક મદન મહાતમ વધારનાર પુસ્તક છે?" આ હિંમતલાલભાઇનો ન્યાય તો "ઉલટો ચોર કોટવાલને દંડે "ના જેવોજ છે. સ્વામીજીએ તો ઉક્ત મંત્રના ભાષ્યમાં ઘણુંજ સારૂં લખ્યું છે કે "હે સારા જ્ઞાનની ઇચ્છા કરનાર વિદ્યાર્થી! અંડોશી વીર્ય વરસાવનાર અંગને તું સમજ." અર્થાત્ તે અંગથી વીર્યને ભ્રષ્ટ કરીશ નહિ, કિંતુ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કર. ભલા, એમાં સ્વામીજીએ શું નઠારૂં લખ્યું છે? હિંમતલાલના ગુરૂ મહીધરાચાર્ય તથા ઉવટાચાર્ય ઉક્તમંત્રના ભાષ્યમાં શું લખે છે; તે પણ અમે લખીએ છીએ જરા વાંચો! " आण्डाभ्यां वृषणाभ्यां वृषणं देवं प्रीणामि અર્થાત્ યજમાન કહે છે કે. હું ઘોડાના બંને અંડકોશોવડે વૃષણ નામના દેવને સંતુષ્ટ કરૂં છું. स्वाहा! હવે કહો હિંમતલાલજી! અમે અમારા ગુરુ દયાનન્દજીની આજ્ઞાનુસાર બ્રહ્મચા-રીઓને અંડકોશોથી વીર્યની રક્ષા કરવાવાળાં અંગને સમજાવીને બ્રહ્મ-ચર્ય વ્રત નષ્ટ નહિ કરવાનો ઉપદેશ કરીશું અને તમે તમારા ગુરુની આજ્ઞાનુસાર ઘોડાના અંડકોશોથી વૃષણ દેવની તૃપ્તિ કર્યા કરશો?

સ્વામી શ્રી દયાનંદજીનું ભાષ્ય સંસારમાં વ્યભિચાર વર્ધક કદાપિ હોઇ શકતું નથી, કિંતુ એ લીલા તો હિંમતલાલના ગુરુ મહીધરા-ચાર્યજીનીજ છે કે સંસારમાં યજમાનની સ્ત્રીની સાથે ઘોડાનો સંયોગ

કરાવવામાં પણ તેને શરમ આવી નથી ! જુઓ યજુ૦ અ૦ ૨૩ મંત્ર ૨૦ નું મહીધરભાષ્ય–" महिषी स्वयमेवाश्वशिश्नमाकृष्य स्वयोनौस्थापयति. " મહિષી અર્થાત્ યજમાન પત્ની પોતાના હાથ વડે.........બસ એની આગળ અર્થ એટલો બધો અશ્લીલ છે કે અમે તે લખવાને અસમર્થ છીએ. જેઓને વિશેષ જાણવાની ઇચ્છા હોય તેઓએ હિંમતભાઇને પુછીને ખુલાસો કરી લેવો ! !

" અ૦ ૨૫ મં૦ ૭ માં સ્વામીજી પોતાના શિષ્યોને શિક્ષા દે છે કેઃ—આંધળાસાપોને ગુદાથી પકડયા કરો. " આ લેખ પણ હિંમતલાલનો બીલકુલ મિથ્યા છે. સ્વામીજીએ ઉક્ત મંત્રના ભાષ્યમાં સ્પષ્ટ લખ્યું છે કે " ગુદેંદ્રિયોની સાથે વર્તમાન વિશેષ કુટિલ સાપોને આંતોથી (સર્પ પકડવાનું એક સાધન) પકડો. " અર્થાત્ ગુદા ઇન્દ્રિય વાળા વાંકા સર્પોને તેને પકડવાનાં સાધન વિશેષે કરીને પકડો. આ ઠેકાણે ગુદાથી પકડવાનું નામ નિશાન પણ નથી. હમારી સમજમાં તો હિંમતલાલની પાસે રેહેનાર સાક્ષરોત્તમ(!) પણ નિર્બુદ્ધિજ હોવા જોઇએ કે જેને સંસ્કૃત નહિ, તો નહિ પરંતુ ભાષા સમજવાની પણ બુદ્ધિ નથી !

" યજુ૦ અ૦ ૨૫ મં૦ ૪૪ માં એક એક ગર્ધવ એટલે રાસભજી બાંધવાનું લખે છે. " આ લેખ પણ હિંમતલાલભાઇનો મિથ્યા છે—ઉક્ત મંત્રમાં સ્વામીજીએ રાસભ અર્થાત ખચ્ચરના સમાન ઘોડાથી ભારવહનનું કામ લેવું જોઇયે એમ સ્પષ્ટ લખ્યું છે, પરંતુ હિંમતલાલના ગુરૂ મહીધરાચાર્ય ઉક્ત મંત્રના ભાષ્યમાં સમજાવે છે કે જે ઘોડો યજ્ઞમાં મારવામાં આવે છે તેને મારવાની વખતે મહીધરજી તે ઘોડાને વેદોપદેશ કરે છે કે—" ભાઇ ઘોડા ! તું તને પોતાને બીજા

ઘોડાની સમાન મરવાવાળો સમજીશ નહિ! તું તો યજ્ઞને માટે મરાય છે; એટલા માટે સ્વર્ગમાં ઇન્દ્રાદિ દેવ તારો મોટો સત્કાર કરશે, માટે ભય પામવાનું કંઇજ કારણ નથી!" હવે આ ઠેકાણે પણ સ્વામીજી તો ખચ્ચરની પેઠે ભારવાહક ઘોડાનું રક્ષણ કરવાનું કહે છે અને હિંમતલાલજીના ગુરૂ મહીધરજી તો યજ્ઞમાં મારવામાં આવનાર ઘોડાને સ્વર્ગ પ્રાપ્તિની લાલચ બતાવે છે!

"અ૦ ૨૭ મંત્ર ૩૪ માં વિદ્વાનોને જમાઇ સમાન લખ્યા છે." આ ઠેકાણે પણ હિંમતલાલનામાં સમજવાની બુદ્ધિ કમતી હોવાથી તે ને સમજ પડી નહિ. સ્વામીજીએ એવો ભાવ દર્શાવ્યો છે કે, જે પ્રકારે પ્રત્યેક મનુષ્ય પોતાના જમાઇને અન્તઃકરણપૂર્વક માન આપે છે તેજ પ્રમાણે વિદ્વાન્ મનુષ્યને પણ અંતઃકરણપૂર્વક માન આપવું જોઇએ.

" અ૦ ૩૭ મં૦ ૯ માં દયાનંદ સ્વામી લખે છે કે—ઇશ્વર અમારા ભાઇઓને ઘોડાની લાદથી તપાવે છે! સાબાશ છે ઇશ્વરને અને ધન્ય છે તેવા ભાષ્યકારને!!" આ ઠેકાણે ઉક્ત મંત્રનું ભાપા ભાષ્ય જોતી સમયે તો હિંમતલાલ તદ્દન અંધજ બની ગયા! કારણ કે "ઇશ્વર" શબ્દ સ્વામીજીના ઉક્તમંત્રના ભાષ્યમાંજ નથી; એતો હિંમતલાલની કેવળ ચોદાઇ છે! ઉક્ત મંત્રમા વિદ્વાન્ મનુષ્યની તરફથી મનુષ્યોને ઉપદેશ દેછે તે કહે છે કે હે મનુષ્ય! યજ્ઞસ્થલમાં વેગવાન્ ઘોડાની લાદથી તને પૃથિવ્યાદિના જ્ઞાનને માટે સારી રીતે તપાવું છું; ભાવાર્થ એનો એવો છે કે મનુષ્યના રોગાદિની નિવૃત્તિને માટે વિદ્વાન્ મનુષ્ય તેને ઘોડાની લાદથી તપાવતાં કહે છે. સ્વામીજીએ પણ ઉક્ત મંત્રના ભાવાર્થમાં એમજ લખ્યું છે કે, ' જે મનુષ્ય

રોગાદિ ક્લેશની નિવૃત્તિને માટે અગ્ન્યાદિ પદાર્થોનો સંપ્રયોગ કરે છે. તે સુખી થાય છે." આ ઠેકાણે ઇશ્વરનો સંબંધ જોડવો એ હિંમતલાલની કે જેને આજ કાલ વિદ્યાવારિધિ પં. જ્વાલાપ્રસાદજીએ ઇશ્વરની મૂર્તિ ઠરાવી છે, તેને ઘોડાની લાદથી તપાવવાનું છે! હિંમતભાઇ! તમારી ઇશ્વરની મૂર્તિ તમારા ગુરૂના કથનાનુસાર ઘોડાની લાદથી તપાવ્યા વિના યદિ નથી બનતી, તો પછી તેને કુંભારની ભઠ્ઠીમાં નાંખ્યા કરે! માટીના ઘડાઓની સાથે તે પણ લાલ થઇને મજબુત બની જશે! માટીની મહાવીરની મૂર્તિ બનાવીને તેને ઘોડાની લાદથી સેકીને તેને પુષ્ટ કરવાનો વિધિ તમારા વિદ્યાવારિધિ જ્વાલાપ્રસાદજીએ પણ દેખાડયો છે. હિંમતલાલ પણ એક વિચિત્ર મૂર્તિપૂજક નિકળ્યા છે! આજકાલના મૂર્તિપૂજકો તો મૂર્તિને પુષ્ટ કરવામાટે ઘી, દુધનો નૈવેદ્ય બનાવે છે અને હિમતલાલના ગુરૂ, મહીધર તથા પંડિત-જ્વાલાપ્રસાદ મૂર્તિને ઘોડાની લીદથી ખૂબ તપાવીને પુષ્ટ કરવાનું વિધાન કરે છે! પરંતુ ત્રણેમાંથી કોઇની અક્કલમાં એ વાત નહિં આવી કે મૂર્તિ પર પાણી નાંખવાથી ઇશ્વર સ્નાન કરે છે, પુષ્પ ચઢાવવાથી સુગંધ લઇને આનંદિત થાય છે, એજ પ્રમાણે મહાવીરની મૂર્તિને અગ્નિમાં નાંખવાથી મહાવીર જળી જશે તો પછી મોક્ષ કોણ આપશે?

"અ૦ ૨૯ મંત્ર ૪૦ માં (સ્વામી દયાનંદે) સ્ત્રી માતાની તુલ્ય લખી છે, સ્ત્રીને માતાના તુલ્યની ઉપમા આપનારની મોભામ બુદ્ધિની પણ બલિહારી છે!" હિમતલાલ એક સાક્ષરોત્તમની સાથે રહેતાં છતાં પણ એટલા તો વ્યવહારથી શૂન્ય રહી ગયા છે એ અમને હમણાંજ માલમ પડયું; અનુમાન થાય છે કે, સાક્ષરોત્તમ પણ એવાજ હોવા જોઇયે! સ્વામીજીએ સ્ત્રીને માતાની ઉપમા આપી, એ વાત

વ્યવહારશૂન્ય હિંમતલાલને મોટી આશ્ચર્યજનક લાગી ! ઠીક જ છે; શાસ્ત્રાનભિજ્ઞ તથા વ્યવહારાનભિજ્ઞોની એવીજ દશા થાય છે. બ્રાહ્મણ ગ્રંથોમાં લખ્યું છે કે " **तज्जाया जाया भवति यस्यां वैजायते पुनः** " અર્થાત્ સ્ત્રીને જાયા એટલા માટે કહેવાય છે કે, પતિ ફરીથી તેમાં પુત્રરૂપથી જન્મ લેછે; એજ પ્રકારે મનુ અને યાજ્ઞવલ્કયની સ્મૃતિયોમાં પણ લખ્યું છે. યદિ તે ગ્રંથ હિંમતલાલ તથા તેના ગુરૂ સાક્ષરોત્તમની સમજમાં નથી આવી શકતા તો અમે એક સીધો અને સરળ નીતિ ગ્રંથનો શ્લોક લખીએ છીએ, તેનાથી જાણી શકાશે.

कार्येषुमन्त्री करणेषुदासी, भोज्येषुमाता शयनेषुरम्भा ॥
धर्मानुकूला क्षमयाधरित्री, भार्याचषाड्गुण्यवतीह दुर्लभा ॥

આ ઠેકાણે નીતિકારે સ્પષ્ટ લખ્યું છે કે, ભોજન કરાવવામાં માતાની સમાન પ્રેમથી ભોજન કરાવનારી સ્ત્રી, ઇત્યાદિ. આ ઠેકાણે તો સ્વામીજીના પર આક્ષેપ કરવાથી હિંમતલાલ પૂરા અક્કલના બારદાનજ ઠરી ગયા છે !

" અ૦ ૨૮ મં૦ ૩૨ માં સ્વામીજી મનુષ્યોને સમજાવે છે કે, સાંઢ ગાયોને ગર્ભિણી કરે છે તેમજ તમે સ્ત્રીઓને કરો. " એનો પણ અર્થ એટલો ગંભીર છે કે, તેને ધર્મજ્ઞ પુરૂષજ જાણી શકે છે. હિંમતલાલ જેવા એ ભાવને શું જાણી શકે? સ્વામીજીના ઉક્ત મંત્રના ભાષ્યમાં એવો ભાવ છે કે, જે પ્રકારે વૃષભ ગર્ભ ધારણ કરવા યોગ્ય ઋતુમતી ગાયમાંજ ગર્ભ ધારણ કરે છે, અન્ય સમયે વૃષભ ગાયની પાસે જતો નથી. એજ પ્રમાણે ગૃહસ્થાશ્રમને યોગ્ય છે કે, ઋતુ સમયમાજ પોતાની સ્ત્રીમાં ગર્ભ ધારણ કરે; પરંતુ કામી બનીને ઋતુમતી સ્ત્રી ન હોય ત્યારે સ્ત્રી સંગ નહિ કરે.

" વળી અ૦ ૨૬ મંત્ર ૧ માં નિરાકાર: ઇશ્વરની સ્ત્રી લખી છે, એટલે નિરંજન નિરાકાર માનેલા ઇશ્વરને પણ સ્વામીજીએ પરણાવી દીધો ? " ઉક્ત મંત્રનાં ભાષ્યમાં તો એવો અર્થ સ્વામીજી કર્યો નથી. પરંતુ યજુ૦ અ૦ મંત્ર ૨૨ માં સ્વામીજીએ લખ્યું છે કે, હે જગદીશ્વર ? જે આપની સમગ્ર શોભા અને સર્વ ઐશ્વર્ય એ બંને સ્ત્રીઓની તુલ્ય છે. એ પ્રમાણે રૂપકાલંકારને નહિં સમજીને હિંમતલાલ થાપ ખાઇ ગયા હોય એમ માલમ પડે છે. આ ઠેકાણે રૂપકથી લખ્યું છે કે, જેમ શ્રી અને લક્ષ્મીની પ્રાપ્તિ માટે પ્રાચીન સમયમાં મહાભારત યુદ્ધ થયું અને અત્યારના સમયમાં યુરોપમાં મહા ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે તથાપિ સંપૂર્ણતયા શ્રી અને લક્ષ્મી કોઇને પણ આધીન થઇ નથી; પરંતુ તેજ શ્રી અને લક્ષ્મી અર્થાત્ સંપૂર્ણ સંસારની શોભારૂપ શ્રી તથા ઐશ્વર્યરૂપ લક્ષ્મી તે પતિવ્રતા સ્ત્રીની સમાન પરમેશ્વરના નિયમની બહાર એક ક્ષણ પણ જઇ શકતી નથી. વેદના આવા ગંભીર અભિપ્રાયને સમજવા માટે હિંમતલાલની તુચ્છ બુદ્ધ અધિકારિણી નથી.

હવે હિંમતલાલના ગુરૂ મહીધર ઉકત મંત્રના ભાષ્યમાં સહસ્ત્રશીર્ષા. આદિ વિશેષણોવાળા ઇશ્વરની શ્રી અને લક્ષ્મી એ બે વેશ્યાઓ ઠરાવે છે. જેને જોવું હોય તેણે જર્મનીમાં તથા કલકત્તામાં છપાયલાં યજુર્વેદના મહીધરભાષ્યમાં જોઇ લેવું. પરંતુ મુંબાઇ નિર્ણય સાગર પ્રેસમાં છપાયલાં મહીધરભાષ્યમાં "व्रश्या" પદ છપાયું છે તે અશુદ્ધ છે. તે ઠેકાણે "वेश्या" જોઇએ, અને એનો ખુલાસો નિર્ણયસાગર પ્રેસના માલીક સાથે શ્રીમાન્ પં૦ બાલકૃષ્ણ શર્માએ કરેલો છે.

અમારા ગુરૂ દયાનંદજીએ તો ઉકત મંત્રનો રૂપકાલંકારથી અર્થ

કર્યો છે, માટે તેમા કાંઇ પણ દોષ નથી આવતો, પરંતુ મહામહો પદેશક વિદ્યાવારિધિ આદિ સનાતની પંડિત ઉકત "सहस्त्रशीर्षा" આદિ પુરૂષ સૂક્તથી ઇશ્વરને સાકાર માને છે; અને હિંમતભાઇના ગુરૂ મહીધરાચાર્યજી તો "श्रीश्चतेलक्ष्मीश्चते" એ મંત્રના ભાષ્યમાં "त्वद्वेश्ये" એમ લખીને ઇશ્વરની શ્રી અને લક્ષ્મી એ બે નામવાળી બે વેશ્યાઓ ઠરાવે છે ! કહો હિંમતલાલભાઇ ! અમારા આચાર્ય ઋષિ દયાનંદજીએ ઉક્ત મંત્રનો રૂપક અલંકારથી, અર્થ કરીને વેદોને નિર્દોષ ઠરાવ્યા છે, પરંતુ તમારા ગુરૂ મહીધરાચાર્યજીએ ઇશ્વરને પણ વેશ્યાબાજ ઠરાવીને સનાતન ધર્મનું ઠીક નાક કાપ્યું છે! એવા એવા અનર્થોથી સનાતન વૈદિક ધર્મની રક્ષા કરવી હોય તો, આપના નીચ કર્મોનો પશ્ચાતાપ કરીને હિંમતભાઇ ! હવે તમે ઋષિ દયાનંદજીના ચેલા બનો.

"પૃષ્ઠ ૨૮ માં હિંમતલાલ લખે છે કે—દયાનંદીઓ મહીધર અને સાયણના વેદ ભાષ્યોને અશ્લીલ અને ખોટાં કહે છે, પણ ઉપરના નમુનેદાર વેદ ભાષ્યના ઉતારા પરથી તો સર્વ કોઇને સારી રીતે સમજાશે કે, દયાનંદના વેદ ભાષ્ય બિલકુલ ખોટાં, અસંભવિત, અને અશ્લીલ કપોલ કલ્પિત છે."

અમે ઉપરના લેખોથી સચોટ ઉત્તર આપીને એ સિદ્ધ કરી આપ્યું છે કે, ઋષિ દયાનંદજીનું વેદભાષ્ય કેવું સભ્યતાવડે ભરપૂર અને ગંભીર છે, પરંતુ ઋષિ દયાનંદે તથા આર્ય સમાજના પંડિતો એ જે સાયણ મહીધરાદિનાં વેદ ભાષ્યની અસભ્યતા અને અશ્લીલતા દેખાડી આપી છે તેનો ઉત્તર બીચારા હિંમતલાલ જેવા તે શું આપી શકે, પરંતુ સનાતન ધર્મ સભાના મોટા મોટા વિદ્યાવારિધિ જેવા પંડિતો પણ આજ સુધી ઉત્તર આપી શક્યા નથી.

અમે આ ગ્રંથમાં મહીધર ભાષ્યમાં નિરપરાધી પશુઓને મારી મારીને યજ્ઞોમાં નાંખવાનું જે કસાઇખાનું બતાવ્યું છે તથા યજમાન પત્ની સાથે ઘોડાને સમાગમ કરાવવાની જે મહીધર ભાષ્યની અશ્લીલતા દેખાડી આપી છે એનો ઉત્તર આપવો એ હિંમતલાલનું કામ છે. હવે જોઇએ છીએ કે, હિંમતલાલ પોતાના માનનીય મહીધરાદિ ભાષ્યકારોને એવાં એવાં અશ્લીલ કલંકોથી કેમ શુદ્ધ કરે છે ? અથવા તેઓને એમના એમજ કલંકિત પડયા રહેવા દઇને પોતે પણ કલંકિતજ રહેવા માંગે છે.

"પણ 'जगामगोकुलंप्रति' એ ભાગવતના કયા શ્લોકનું પાદ છે, તે કોઇ દયાનન્દી બતાવી આપી મહર્ષિની માનરક્ષા કરવાને બહાર પડતો નથી એ સખેદાશ્ચર્યની વાત છે ?"

ઓહો !! હિંમતલાલે સ્વામીજીની એટલી મોટી ભૂલ કહાડી કે દુનિયામાં બીજો કયો મૂર્ખ એવી ભૂલ કહાડી શકે ? ભાગવત્ અધ્યાય ૩૮ શ્લોક ૧ નો ચોથો પાદ "प्रययौनन्दगोकुलम्" સ્પષ્ટ લખ્યું છે. સ્વામીજીએ "जगामगोकुलंप्रति" એવું લખ્યું છે; એ બંને પદોમાં અર્થ ભેદ કાંઇ પણ નથી. હિંમતલાલ ! તમે તો સંસ્કૃતમાં અજ્ઞ છો એટલે કોઇ સંસ્કૃતજ્ઞને પુછી લેજો. યદિ કોઇ કહેશે કે અર્થ ભેદ તો નથી પરંતુ અક્ષર ભેદ છે તો ! તે પર અમે કહીશું કે, સ્વામીજીએ જે ભાગવત ઉપરથી લખ્યું છે તે હસ્ત લિખિત પ્રતમાં "जगामगोकुलंप्रति" એવોજ પાદ હશે એ સંભવ છે. એટલા માટે એવી એવી બાલકપણાની વાતો લખીને હિંમતલાલ પોતાની મૂર્ખતાનો પરિચય સંસારને કરાવે છે; બીજું કાંઈજ નહિ.

"પૃષ્ઠ ૩૦—સ્વામીજીએ આવા ગોટાળા સત્યાર્થપ્રકાશ, સંસ્કાર વિધિ વગેરે પોતે રચેલા ગ્રંથોમાં ઘણે ઠેકાણે વાળેલા છે. અને તે

બધું સત્યાર્થપ્રકાશ સમીક્ષા, દયાનંદ મત વિદ્રાવણ, યજુર્વેદ ભાષ્યની સમીક્ષા, મુક્તિપ્રકાશ, દયાનંદ તિમિર ભાસ્કર અને ધર્મ પ્રકાશમાં ઘણી સારી રીતે તોડી ફોડીને ખુલ્લું કરી દીધું છે."

બીચારા હિંમતલાલે આર્યસમાજનું સાહિત્ય સ્વપ્નમાં પણ જોયું નથી, નહિં તો એવું કદાપિ લખત નહિ. જે પ્રમાણે અમે આ નાનકડાં પુસ્તકમાં સપ્રમાણ ઉત્તર આપીને હિંમતલાલની મૂર્ખતા તથા કુલીનતા સંસારની સામે સ્પષ્ટ કરી દીધી છે, એજ પ્રમાણે દયાનંદ તિમિર ભાસ્કરાદિ ગ્રંથ કર્ત્તાઓની શાસ્ત્રવિમૂઢતા ભાસ્કર પ્રકાશ, સ્વમન્તવ્યામન્તવ્યપ્રકાશ અને માર્તણ્ડપ્રકાશાદિ ગ્રંથોમાં આર્ય પંડિતોએ એક એક આક્ષેપનો-સપ્રમાણ ઉત્તર આપીને દશ દશ વીસ વીસ વર્ષ થયાં સંસારની સામે કરી દીધી છે; જેને જોવું હોય તે, તે ગ્રંથો ભલે જોઇલે. ભાસ્કર પ્રકાશાદિ ગ્રંથોને હિંમતલાલ એકવાર પણ જોઇ લેતે તો તેને દયાનન્દ દંભદર્પણ જેવું ક્ષુદ્ર પુસ્તક લખીને પોતાની નીચતા સંસારને બતાવવાની આવશ્યકતા પડત નહિ. અમે તો અત્યારે પણ હિંમતલાલની ભલાઇને માટે કહિયે છીએ કે, તે ઉપર્યુક્ત ગ્રંથોને જોઇને પોતાનું અજ્ઞાન દૂર કરી લે. અથવા અમારાં આ પુસ્તકને જોઇનેજ પોતાનાં કૃત કર્મનું પ્રાયશ્ચિત કરીને પવિત્ર થાય !

" પૃષ્ઠ ૩૦ પણ તે શ્લોકો આખા છાપતા હોય, અને શા પ્રસંગના છે, અને તેની આગળ પાછળના શ્લોકોમાં શું કહ્યું છે ? તે જણાવતા હોયતો આર્યસમાજીઓની પોલ ખુલી જાય તેમ છે ?" આર્યસમાજીઓ સત્ય કહે છે તથા લખે છે, એટલા માટે તેમની પોલ કોઇ ખોલી શકતું નથી; એટલાપર પણ કોઇ હઠ અથવા દુરાગ્રહથી આર્યસમાજીકોના વૈદિક સિદ્ધાંતોપર જુઠું લખે તો તેની હિંમતલાલની પેઠે પોલ ખુલી જાય છે.

અમારી એ પ્રતિજ્ઞા છે કે, જે પ્રકારે સ્વામી આત્મસ્વરૂપના અબોધધ્વાન્ત માર્તણ્ડ"પર આર્યસમાજની તરફથી "માર્તણ્ડ પ્રકાશ" પુસ્તક છાપવાથી આત્મસ્વરૂપ બાબાજી ચુપ થઇ ગયા છે, તેમજ ગુજરાતમાં ધન એકત્ર કરવાને માટે બેવાર આવ્યા પરંતુ માર્તણ્ડ પ્રકાશપર એક અક્ષર પણ છપાવી શકયા નથી. બસ એજ દશા હિંમતલાલની પણ અમારાં આ પુસ્તકથી થશેજ. આ હિંમત દંભદર્પણમાં અત્રે જે હિંમતલાલની સંસ્કૃતની અલ્પજ્ઞતા તથા અસત્યપણું તેમજ તેના આચાર્ય ઉવટ તથા મહીધરની અશ્લીલતા દેખાડીને પોલ ખોલી છે તો હવે અમને આશા નથી કે હિંમતલાલભાઇ એનો સપ્રમાણ સચોટ ઉત્તર આપીને પોતાનું કૃષ્ણ મુખ પાછું ઉજ્જવલ કરી શકે.

પૃ. ૩૦ "શિવ, બ્રહ્મા વગેરે ઇશ્વરના ૧૦૦ નામ આગલા સત્યાર્થપ્રકાશમાં બતાવ્યાં હતાં અને પછી ૧૫ મે પાને તેમને પૂર્વજ મહાશય, વિદ્વાન્ કહ્યા છે. હવે કહો કે આમાં સત્ય શું માનવું ?"

એ વાતનો હિંમતલાલે સત્યાર્થપ્રકાશનો પત્તો બરાબર આપ્યો નથી; સ્વામીજીના લેખનો એજ ભાવ હોવો જોઇયે કે, શિવ, બ્રહ્મા આદિ ઇશ્વરનાં નામ છે અને આપણાં પૂર્વજ મહાશયોના પણ એ નામો હતાં. જેવું પ્રકરણ હોય તેવો અર્થ કરવો જોઇએ. હિંમતલાલ મંદમતિ હોવાના કારણથી સ્વામીજીનો અભિપ્રાય સમજ્યા નથી.

"પૃ. ૩૧ સ્વામીજી કહે છે કે "हरिः ॐ, श्रीगणेशाय-नमः, सीतारामाभ्यांनमः ઇત્યાદિ લેખ (મંગલાચરણમાં) જોવામાં આવે છે તેને વિદ્વાનો વેદ અને શાસ્ત્રથી વિરૂદ્ધ હોવાથી મિથ્યાજ સમજે. અને આર્ય ગ્રંથોમાં "ओरम्" તથા "अथ" શબ્દતો જોવામાં આવે છે, તો ઉચિત છે કે, તેમના (દયાનંદના) ચેલાઓ

બતાવી આપશે કે, " ओ३म् " " सच्चिदानन्देश्वरायनमः " " अथ " એ ઋષિઓનાં ગ્રંથોમાં ક્યાં છે ? "

હિંમતલાલ જેવા મંદમતિનું એ સૌભાગ્ય ક્યાં હોય કે, તે ઋષિકૃત ઉપનિષદ્ અથવા દર્શનાદિ ગ્રંથો જુવે ? મુંબાઇ નિર્ણયસાગર પ્રેસમાં અઠ્ઠાવીસ ઉપનિષદ્ એકઠાં છપાયેલાં છે; અને તે પ્રેસ આર્યસમાજીઓનો પણ નથી તે પણ હિંમતલાલે ધ્યાનમાં રાખવું જોઇએ. તેમાં પ્રત્યેક ઉપનિષદ્‌ના પ્રારંભમાં " ओ३म् " જ લખ્યો છે; એ જ પ્રકારે દર્શન ગ્રંથોના આરંભમાં " अथ " શબ્દ લખ્યો છે જેમકે—" अथातोब्रह्मजिज्ञासा ॥ अथातोधर्मजिज्ञासा ॥ अथयोगानुशासनम् ॥ " ઇત્યાદિ એ ત્રણે સૂત્રો યથાક્રમ વ્યાસ, જૈમિનિ, અને પતંજલિનાં છે. જુઓ હિંમતલાલ ! ઋષિકૃતગ્રંથોમાં " ओ३म् " અને " अथ " શબ્દ તમને દેખાડી દીધો છે; હવે નષ્ટ બનીને ફરીથી વગર વિચારે લખવાનું સાહસ નહિ કરશો.

આજકાલ લોકોની એ અજ્ઞાનતા છે કે—" हरिः " શબ્દ પ્રથમ લખીને " ओ३म् " શબ્દ પછી લખે છે, એ પ્રાચીન પ્રણાલીથી વિરૂદ્ધ છે; પરંતુ સ્વામીજીના સર્વ લેખ આરંભમાં " ओ३म् " થી વિભૂષિત છે; અતઃ તે બહુ ઠીક છે.

" પૃષ્ઠ ૩૧ સત્યાર્થપ્રકાશના પાને ૨૫ માં લખે છે કે, જે જગતમાં સર્વ પદાર્થ અને જીવોની સંખ્યા (ગણના) કરે છે, તેથી પરમેશ્વરનું નામ કાલ છે. વાસ્તવમાં જીવ અનંત છે તેની સંખ્યા કહેવી અશુદ્ધ છે. " હિંમતલાલની દશા ફોનોગ્રાફના જેવી છે. જેમ કોઇએ લખ્યું હોય તેમ લખી દીધું ; સ્વયંસમજવાની શક્તિતો છેજ નહિં કે, અનન્ત કોને કહે છે અને અસંખ્ય કોને કહે છે ?

આકાશ અનંત છે અને જીવ અસંખ્ય છે. અમે અલ્પજ્ઞ હોવાથી જીવોની સંખ્યા જાણી શકતા નથી પરંતુ પરમાત્મા સર્વજ્ઞ છે એટલા માટે જીવોની સંખ્યા જાણી શકે છે. વેદોમાં જીવોની એટલી મોટી સંખ્યા કહેવાની કોઇ આવશ્યકતા ન હોવાથી વેદમાં નથી આવી.

"પૃષ્ઠ ૩૨—સત્યાર્થપ્રકાશ પાને ૨૮ માં ધન્ય એ માતા છે કે જે ગર્ભાધાનથી માંડીને સંપૂર્ણ વિદ્યા થતાં સુધી સુશીલતાનો ઉપદેશ કરે. ગર્ભાધાનથી સંતાનનો ઉપદેશ કરવો તો સર્વથા અસંભવ છે, તેનું પણ ભંગડ ભાષ્યકારને ભાન નથી રહ્યું."

બાલક ગર્ભમાં આવે છે ત્યારથી ગર્ભસ્થ બાલકપર વિદુષીમાતા પોતાના સુવિચારોના સંસ્કાર નાંખે છે, માતાના આચારવિચાર ગર્ભસ્થ બાલકમાં કેવી રીતે સંક્રમણ થાય છે તે સમજવા માટે હિંમતલાલે કોઇ આર્યસમાજી પંડિતના ચેલા થઇને તેની સેવામાં કેટલાએક દિવસો સુધી રેહેવું જોઇએ. હિંમતલાલને સ્વયંસમજવાનીતો શક્તિજ નથી; તે તો કોઇ નામધારી સાક્ષરોત્તમનો ફોનોગ્રાફ છે. ગર્ભસ્થ બાલકનાપર સારા સંસ્કાર નાંખવા તેજ માતાને ઉપદેશ છે.

"પૃષ્ઠ ૩૨—સત્યાર્થપ્રકાશ પૃષ્ટ ૨૯ માં પ્રસૂતા સ્ત્રી બાલકને ન ધવરાવે; વળી પાછું યજુ૦ ભા૦ અ૦ ૮ મં૦ ૫૧ માં લખ્યું છે કે, પુત્ર પોતાની માતાનું દૂધ પીયે; કહો હવે આ પરસ્પર વિરોધ છે કે નહિ?" અહિં પણ કાંઇજ વિરોધ નથી; પરંતુ હિંમતલાલની બુદ્ધિ મલીન થઇ ગઇ છે તેને કોઇ શું કરશે? સ્વામીજીના બંને લેખોનો અભિપ્રાય એવો છે કે, જેની પાસે ધનાદિ પદાર્થ પુષ્કલ હોયતો તે પુત્રને દૂધ પાવાને માટે ધાવ રાખે અને ગરીબ હોયતો પુત્રને તેની માતાજ દૂધ પાય.

"પૃ૦ ૩૨ સત્યાર્થપ્રકાશ પાને ૪૩૩ માં ઉપવાસ કરવો એ અસત્ય છે; અને વ્રતોપવાસના વિધાન તથા માહાત્મ્ય પુરાણોમાં લખેલાં હોવાથી ભગવાન્ વેદવ્યાસને-કસાઇ કહ્યા છે. પણ દયાનન્દેજ યજ્ઞોપવીત સંસ્કાર કરાવનારા બાલકને ત્રણ ઉપવાસની આજ્ઞા શામાટે લખી છે?" આ વાત હિંમતલાલે બિલકુલ મિથ્યા લખી છે. કારણકે ઋષિ દયાનદજીએ પ્રથમતો એ સિદ્ધ કરી બતાવ્યું છે કે, ૧૮ પુરાણો વેદવ્યાસજીનાં બનાવેલાંજ નથી?? પછીથી પુરાણકર્તાઓના પર સ્વામીજીએ આક્ષેપ કર્યો છે. યદિ વેદવ્યાસજીને ઋષિ દયાનંદજીએ સત્યાર્થપ્રકાશમાં કસાઇ કહ્યા છે એમ જો હિંમતલાલ સિદ્ધ કરી આપે તો અમે તેના મરણ પર્યન્ત દાસાનુદાસ થવા તૈયાર છીએ. અને એવું સિદ્ધ ન કરી આપે તો, હિંમતલાલે અમારા દાસ બનીને રેહેવું જોઇએ. સ્વામીજીએ ઉપનયન સંસ્કારના આરંભમાં બાલકને ત્રણ અથવા એક વ્રત કરવાનું લખ્યું છે. તે વ્રતમાં બ્રાહ્મણને દૂધ, ક્ષત્રિયને યવની રાબડી, અને વૈસ્યને શ્રીખંડ ખાવાનો તથા પીવાને લખ્યું છે. એ પદાર્થ એવા છે કે, એના સેવનથી બાલક ભૂખ્યો પણ ન રહે અને તેના શરીરમાં ઉપનયનના સમયે જડતા પણ ન આવે. પરતુ જયેષ્ઠ માસની નિર્જલા એકાદશી કરાવનાર તથા તે વાતને અનુમોદન આપનાર હિંમતલાલભાઇ જેવાને સ્વામીજીએ ફટકાર્યા છે, કાંઇ વેદવ્યાસજીને નહિ.

"પૃ૦ ૩૨ દયાનંદી વિદ્વાનો સ્વામીજીને વેદજ્ઞ અને સત્યવક્તા માનતા હોય તો શબદહનનો વિધિ વેદમાં બતાવે!"

હિંમતલાલે મૂર્ખતાથી સ્વામીજીના ગ્રંથો ઉપર જુઠા આક્ષેપો કર્યા છે. તેમનું તો કામ હતું કે પ્રથમ સ્વામી દયાનંદજીના સર્વ ગ્રંથો જોઇ લેવા હતા! ઉત્તર હિંદુસ્થાનના સનાતની પંડીતોએ જે સ્વામી-

જીના ગ્રંથોપર મિથ્યા આક્ષેપો કર્યા છે તે જોઇને હિંમતલાલે તે આક્ષેપો જેવા ને તેવા લખી દીધા છે; અને તે ઠીક પણ છે, કારણ કે સ્વામીજીના ગ્રંથ સમજવાની અક્કલ અથવા વિદ્યા તો હિંમતલાલ-નામાં છેજ નહિ; તો પછી બીચારા એમ ન કરે તો શું કરે ?

હિંમતલાલ ! જુઓ, શબ્દદહનનો વિધિ વેદમાં કેવો સ્પષ્ટ લખ્યો છે યજુ૦ અ૦ ૪૦ મં૦ ૧૫ માં " **भस्मान्त ं शरीरम्** " લખ્યું છે તેનું ભાષ્ય મહીધરેજ કર્યું છે કે " **अथइदंस्थूल शरीर मग्नौ हुतंसत् भस्मान्तं भस्मरूपंभूयात्** " અર્થાત્ મરેલા મનુષ્યનું આ સ્થુલ શરીર અગ્નિમાં " **हुत** " અર્થાત્ નાંખવાથી ભસ્મ થઇ જાય છે એટલા માટે વેદમાં શરીરને ભસ્માન્ત કહ્યું છે–શબદહન વેદમાં છે અને તેના ભાષ્યકર્ત્તા હિંમતલાલના ગુરૂ મહીધરજી પણ કહે છે કે હવે તે મૃત શરીરને કેવી રીતે દહન કરવું તેનો વિધિ પણ સંક્ષેપથી વેદમાં આવ્યો છે, પછીથી તેનો વિસ્તાર સૂત્રકારોએ કર્યો છે. સ્વામીજીએ અંત્યેષ્ટિ સંસ્કારના આરંભમાં " **यमाय जुहुताहाविर्यं मंहयज्ञोगच्छत्यग्नि हुतो अरंकृत ॥** " એવું ઋગવેદનું અને **यमःसूयमानो विष्णुःसंम्रियमाणोवायुःपूयमानः ॥** " એવું યજુર્વેદનું મળીને બે પ્રમાણો વેદનાં આપ્યાં છે. તેનો ભાવાર્થ એજ છે કે, ધૃત તથા ઓષધિ આદિ પદાર્થોથી ભૂષિત કરેલો અગ્નિદ્રૂત ઉક્ત હુતદ્રવ્ય સહિત મૃત શરીરને વાયુમંડલમાં પહોંચાડી તે વાયુમંડલને " **पूयमानः** " અર્થાત્ શુદ્ધ કરે છે એજ વેદના મૂલને લઇને સ્વામીજીએ સૂત્રાદિગ્રંથોનાં પ્રમાણો પણ આપ્યાં છે; પરંતુ હિંમતલાલને વેદમાં શબદહન વિધિનો હજુ સુધી પત્તોજ લાગ્યો નથી. એ પ્રકારે આ અંતિમ શબદહન વિધિને સમજાવવાની સાથે દયાનંદ દંભદર્પણના પ્રથમ ભાગનો પણ અંત્યેષ્ટિ સંસ્કાર સમાપ્ત થયો.

એની આગળ અમે દયાનંદ દંભદર્પણના બીજા ભાગની સમીક્ષાને માટે હાથમાં બીજું પુસ્તક લીધુ તો તેમાં જે વાતો પ્રથમ ભાગમાં આવી છે તે ઘણીખરી તેની તેજ વાતો અક્ષરશઃ લખી છે. સ્વામીજીના ઉપર આક્ષેપો પણ એવા નકામા કર્યા છે કે તેનાપર લેખ લખવાથી અમારા પણ કાગળોજ બ્યર્થ કાળા કરવાના છે, તેમજ પાઠક મહાશયોને વાંચવામાં પણ કંટાળોજ થશે. પુનરૂક્તિ દોષોથી બીજો ભાગ કેટલો દૂષિત થયો છે તેના બેચાર નમૂના આ ઠેકાણે પાઠકોનાં અવલોકન માટે લખીએ છીએ. હિંમતલાલે દયાનંદ દંભદર્પણના પ્રથમ ભાગની બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં લખ્યું છે કે—

" અત્રે યાદ આપી ધ્યાન ખેંચીએ છીએ કે પહેલા ભાગમાં છે તે બીજામાં નથી, અને બીજામાં છે તે પહેલામાં નથી. "

શ્રીમાન્ સ્વામી દયાનંદજીએ તો જે વાત ભૂલથી પ્રથમાવૃત્તિમાં છપાઇ ગઇ હતી તેને કહાડી નાંખીને દ્વિતીયાવૃત્તિમાં ઠીક કરી દીધી; અને ભૂમિકામાં લખી પણ દીધુ. પરંતુ હિંમતલાલ ભંગડની બેહોશીનું તે કાંઇ ઠેકાણું છે ? ત્રણ ત્રણ પાઠના પુસ્તક છપાવીને જેને એ વાત નો પણ ખ્યાલ નથી રહ્યો કે, હું પ્રથમ ભાગમાં શું લખી ચુકયો છું અને હવે આ બીજા ભાગમાં પુનરૂક્તિ કરીને તેની તેજ વાત કેમ લખી રહ્યો છું ! !

હિંમતલાલની પુનરૂકિતઓ.

૧—પ્રથમ ભાગના ૪ પૃષ્ઠમાં સ્વામીજીની ભાંગ પીવાની વાત લખીને તેજ પ્રથમ ભાગના પૃષ્ઠ ૧૭ માં તેની તેજ વાત અક્ષરશઃ લખી છે અને થોડી બીજા ભાગના પૃષ્ઠ ૬ માં પણ ફરીથી લખી છે !

૨—પ્રથમ ભાગના પૃષ્ઠ ૫ માં "श्रीमदेकलिंगेश्वरो जयति" વાળી વાત લખીને બીજા ભાગના પૃષ્ઠ ૧૧ ગોઘાતકો પાસથી સીધુ લઇને ખાવાની વાત લખી છે તેજ વાત બીજા ભાગના પૃષ્ઠ ૭ માં ફરીથી લખી છે.

૪—પ્રથમ ભાગના પૃષ્ઠ માં "હું બ્રહ્મ છું" એ વાત લખીને વળી બીજા ભાગના પૃષ્ઠ ૭ માં તે વાત લખી છે !

૫—પ્રથમ ભાગના પૃષ્ઠ ૬ માં " મને એક લાસ દરીયામાંથી તરતી મળી" એ વાત લખી છે અને તેજ વાત બીજા ભાગના પૃષ્ઠ ૬ માં અક્ષરશઃ લખીને પુનરૂક્તિ કરી છે, ઇત્યાદિ અનેક પુનરૂકિતઓ કરી છે. તોપણ હિંમતલાલનો તુર્રો એ છે કે " મેં પહેલા ભાગની વાત બીજા ભાગમાં અને બીજા ભાગની વાત પહેલામાં છપાવી નથી ?" આમ લખી મારે છે.

સ્વામી શ્રી દયાનંદજીએ સત્યાર્થ પ્રકાશની બીજી આવૃત્તિમાં જે ફેરફાર કર્યો છે તે જાહેર પ્રસ્તાવનામાં સ્પષ્ટ જણાવેલું છે. જ્યારે હિંમતલાલ ત્રણ પાઇના ક્ષુદ્ર પુસ્તકમાં એકમાં પોતાના પિતાનું નામ વ્રજવલ્લભ તથા એકમાં વ્રજલાલ લખે છે. આ બે નામમાંથી સાચા પિતાનું નામ કયું સમજવું ? હવે પાઠકો સ્વયં વિચારી લેશે કે આમાં

ભંગડ કોણ ? વળી હિંમતલાલભાઇએ આ જન્મમાં પણ કોઇ પુસ્તક લખ્યું હોય તેમ દેખાતું નથી કારણ કે પ્રથમ ભાગની પ્રથમાવૃત્તિમાં કુલ ૩૨ પૃષ્ઠની ચોપડીમાં ૧૪ પૃષ્ઠની તો પ્રસ્તાવનાજ લખી મારી છે, પણ જ્યારે ભાંગની નિશા ઉતરી હશે ત્યારે તેજ ભાગની બીજી આવૃત્તિમાં કાપકુપ કરીને ૩૨ પૃષ્ઠના પુસ્તકમાં ૪ પૃષ્ઠની પ્રસ્તાવના કરી નાંખી એટલુંજ નહિ પણ બંને આવૃત્તિમાં બીજો પણ ઘણો ફેરફાર કરતાં ભાઇ સાહેબ તે માટે એક અક્ષર પણ જણાવતા નથી એ કેવી ધૃષ્ટતા !!

હિંમતલાલ ! આ પુસ્તકમાં તમારા દંભનું દલન પુરેપુરૂં કરીને ઋષિ દયાનંદની સભ્યતા અને તમારી લાયકાત સપ્રમાણ અને સયુક્તિક અમે સિદ્ધ કરી બતાવી છે; યદિ તમારામાં કોઇ હિંમત હોય તો આ પુસ્તકનો એજ પ્રકારે સપ્રમાણ ઉત્તર આપજો અને તે શિવાય નિચે લખેલા પ્રશ્નો તમને કરીએ છીએ તેનો ઉત્તર આ જ જન્મમાં આપજો.

૧ પ્રશ્ન—"अमीमांस्यानि शौचानि स्त्रीणांच व्याधितस्यच॥
नस्त्रीदुष्यति जारेण ब्राह्मणो वेद कर्मणा ॥

॥ आत्रिस्मृति ॥

અર્થ—સ્ત્રીઓ અને રોગી મનુષ્યની શુદ્ધિનો વિચાર કરવો નહિ. સ્ત્રી જાર કર્મથી દૂષિત થતી નથી અને બ્રાહ્મણ વેદ કર્મથી દૂષિત થતો નથી ! તો શું તમારા માનનીય ધર્મ શાસ્ત્રાનુસાર "સ્ત્રી જાર કર્મથી દૂષિત થતી નથી." એ વાત આપને કબૂલ છે ?

૨ પ્રશ્ન—આ પુસ્તકની અંદર પણ આવી ગયા છે જેમકે-યજુ- વેંદ સંહિતાના અધ્યાય ૨૩ ના મંત્ર ૨૦ ના ભાષ્યમાં મહીધરે લખ્યું છે કે-

" माहिषी स्वयंमेवाश्वाशिश्नमाकृष्ण स्वयोनौ स्थापयाति "

એનો અર્થ શું થાય છે? અને તેને તમે ધર્માનુકૂલ માનો છો કે સૃષ્ટિ નિયમ વિરૂદ્ધ સમજો છો?

૩ પ્રશ્ન—अथयइच्छेत्पुत्रोमेपाण्डितो विजीतः समितिंगमः शुश्रुषितां वाचंभाषिता जायेत सर्वान्वेदाननु ब्रुवीत सर्वमायु रियादिति मांसौदनं पाचयित्वा सर्पिष्मन्तमश्नीयातामीश्वरौ जनयित वा औक्षेणवार्षभेण वा ॥

बृ० उ० अ० दुब्रा० ४ क० १८ ॥

એના શંકર ભાષ્યમાં સ્વામી શંકરાચાર્યજી લખે છે કે, " જે મનુષ્ય એમ ઇચ્છા કરે કે મને સર્વ વેદોને જાણનાર, સભાને જીત- નાર, વક્તા અને સંપૂર્ણ આયુષ્ય ભોગવનાર પુત્ર ઉત્પન્ન થાય; તો પોતાની પત્ની સાથે તે મનુષ્યે બળદના માંસની સાથે ભાત રાંધીને તેમાં ઘી નાંખીને ખાવો!" આ ઠેકાણે અમે હિંમતલાલને પુછીએ છીએ કે, ગોમાંસ ભક્ષણનો વિધિ અમારા ગુરૂ દયાનંદ દર્શાવે છે કે તમારા માનનીય ગુરૂ શંકરાચાર્ય બતાવી રહ્યા છે?

૪ પ્રશ્ન—યજુ૦ અ૦ ૬ મં૦ ૧૪ ના ભાષ્યમાં મહીધર લખે છે કે-" ते मेढ्रंलिंग शुन्धामि " અર્થાત્ યજમાન પત્ની મૃત પશુને કહે છે કે, હે મૃતપશુ! હું તારા......ને શુદ્ધ કરૂં છું; કહો હિંમતલાલ! આ મહીધરનું ભાષ્ય તમને સારૂં લાગે છે કે આ સ્વામી દયાનંદજીનું ભાષ્ય સારૂં લાગે છે?

૫ પ્રશ્ન—યજુ૦ અ૦ ૨૫ મંત્ર ૭ ના ભાષ્યમાં મહીધર લખે છે કે—" शकस्य-विष्ठायाः पिण्डैः कुश्मान् देवान्प्रीणामि ॥ વિષ્ઠાના પિન્ડોવડે કુશ્મ નામવાળા દેવોને સંતુષ્ટ કરૂં છું ! કહો હિંમતભાઇ ! એ પ્રકારે આપના મહીધરાચાર્યજીની આજ્ઞા માનીને વિષ્ઠાના પિંડ આપવાની પ્રથા યદિ સનાતન ધર્મમાં ચલાવો તો મ્યુનિસિપાલીટીઓને ભંગીઓનો ખર્ચ જરૂર કમી થઇ જશે; અતઃ એ લોકોપકારી પ્રથાને તમે ક્યારે ચલાવશો ?

૬ પ્રશ્ન—ભાગવતના દશમસ્કંધમાં લખ્યું છે કે—"यत्तीर्थबुद्धिः सलिलेन कर्हिचित् जनेष्वभिज्ञेषुसएवगोखर : ॥ " એની ટીકામાં શ્રીધર લખે છે કે, જે મનુષ્ય પાર્થિવકાષ્ઠ પાષાણાદિના પદાર્થોમાં પૂજ્યબુદ્ધિ ધારણ કરે છે અને જે પાણિમાં તીર્થબુદ્ધિ ધારણ કરે છે પણ વિદ્વાનોમાં તીર્થબુદ્ધિ ધારણ કરતો નથી તે મનુષ્ય પશુઓનો ભારવાહક ગર્દભજ છે. હિંમતભાઇ ! આ ભાગવતના પ્રમાણાનુસાર પાણીમાં તીર્થબુદ્ધિ ધારણ કરવાથી અને કાષ્ઠ પાષાણાદિ મૂર્તિમાં પૂજ્ય બુદ્ધિ ધારણ કરવાથી તમે ગર્દભના તુલ્ય થયા કે નહિ ?

સમાપ્ત.

॥ ओ३म् ॥

શ્રીમતિ મુંબાઈ પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભાના વિક્રેય પુસ્તકાલયમાં વૈદિક સાહિત્યના ગ્રંથો નીચે મુજબના રોકડે અગર વી૦ પી૦ થી મળશે.

પુસ્તકનું નામ	કીંમત
સત્યાર્થ પ્રકાશ (ગુજરાતી)	૧—૮—૦
સત્યાર્થ પ્રકાશ (હિંદી)	૧—૬—૦
સત્યાર્થ પ્રકાશ (મરાઠી)	૧-૧૨-૦
સત્યાર્થ પ્રકાશ (અંગ્રેજી)	૨—૦—૦
સંસ્કાર વિધિ (ગુજરાતી)	૧—૦—૦
સંસ્કાર વિધિ (હિંદી)	૦-૧૩-૦
ૠગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા (ગુ)	૧—૪—૦
ૠગ્વેદાદિ ભાષ્યભૂમિકા (હિંદી)	૧—૮—૦
ન્યાય દર્શન (,,)	૨-૧૨-૦
વૈશેષિક દર્શન (,,)	૨ ૧૨-૦
યોગ દર્શન (,,)	૨—૨—૦
પૂર્વ મીમાંસા ભાગ ૨ (,,)	૮—૮—૦
સાંખ્ય દર્શન (,,)	૨—૨—૦
સ્વામી દયાનંદ જીવન ચરિત્ર(,,)	૧-૧૨-૦
દર્શનાનંદ ગ્રંથ સંગ્રહ ભા. ૧(,,)	૨—૦—૦
,, ,, ,, ,, ૨(,,)	૧—૪—૦
ભારતવર્ષકા ઇતિહાસ(હિંદી)	૧—૪—૦
ગુરૂદત્ત વિદ્યાર્થીના લેખો તથા તેમનું સંક્ષિપ્ત જીવન	
ચરિત્ર (ગુજરાતી)	૧—૮—૦
યજુર્વેદ ભાષા ભાષ્ય (હિંદી)	૨—૪—૦
મનુસ્મૃતિ ,,	૧—૪—૦
,, (ગુજરાતી)	૧—૮—૦
ભાસ્કર પ્રકાશ (હિંદી)	૧—૮—૦
આર્ય મન્તવ્યપ્રકાશ. પ્ર.ભા ,,	૦-૧૦-૦
,, ,, ,, દ્વિતિય ભા.,,	૧—૦—૦
વેદાન્ત દર્શન (હિંદી	૩—૪—૦
,, ,, (ગુજરાતી)	૧—૨—૦
ભગવદ્ ગીતા (હિંદી)	૧—૮—૦
પુરૂષાર્થ પ્રકાશ બે ભાગ (ગુ.)	૧—૪—૦
આર્યાભિવિનય (હિંદી)	૦—૬—૦
,, ,, (ગુ.)	૦—૩—૦
સામવેદ ભાષા ભાષ્ય(હિંદી	૧૦—૦—૦
ૠગ્વેદ ભાષ્ય (મોટું) (,,)	૨૧—૦—૦
યજુર્વેદ ભાષ્ય(મોટું) (,,)	૧૬—૦—૦
સ્વર્ગમાં મહા સભા (ગુજ.)	૦—૨—૦
સ્વર્ગમાં સબ્જેકટ કમિટિ(,,)	૦—૨—૦

આ શિવાય નાના મોટા વૈદિક સાહિત્યના અનેક ગ્રંથો હમારે ત્યાંથી મળી શકશે. માટે નીચે લખેલે ઠેકાણેથી અવશ્ય મગાવી લેશો એવી આશા છે.

ગીરગામ કાકડવાડી }
આર્યસમાજ મંદીર }

લી. આર્ય સેવક
જમનાદાસ નારણદાસ.
પુસ્તકાલય—મુ. પ્ર. આ. પ્ર. સભા.

॥ ओ३म् ॥

વેદ પ્રચાર ફંડ.

સજ્જન ગૃહસ્થો ! વેદ પ્રચાર ફંડ, તે શું છે તે આપ જાણો છો ? ના જાણતા હોય તો હવે જાણો કે તે ફંડ ઉભારી આશયો શું છે ? હાલ લોકો અજ્ઞાનતાવશાત તેમાં ફસતા કેમ જાય છે ? તેમની સામાજિક અને ધાર્મિક સ્થિતિ સુધારવાને માટે શું શું ઉપાયો લેવા જોઇએ ? ઇત્યાદિ વિષયોપર ખુલ્લી અને વિદ્વત્તા પૂર્વક વિવેચન કરી લોકોના અંતઃકરણને આસ્તિક બનાવનાર ઉપદેશકો, પંડિતો અને ભજનિકો રાખી સામાજિક અને ધાર્મિક સુધારણાના ધ્યેયો પ્રકટ કરવામાં આવે છે અને ઉક્ત વિષયોમાં જન સમાજના વિચારો ફેલાવવા માટે આર્ય પ્રકાશ જેવું સાપ્તાહિક પત્ર ચલાવે છે, સંસ્કૃત અને હિન્દી ભાષાના જ્ઞાનવાળા ઉપદેશકો પેદા કરવા માટે યોગ્ય વિદ્યાર્થીઓને છાત્ર વૃત્તિ આપવામાં આવે છે તો હે આર્ય બંધુઓ ! તમને વેદ ધર્મનું અભિમાન હોય, આપ સંસારના આ પુરુષોના સામાજિક અને ધાર્મિક સ્થિતિ સુધારવા માગતા હો તો આ ફંડને યથા શક્તિ મદદ કરો જેથી આ લોક અને પરલોકમાં આપ સુખ પ્રાપ્ત કરી શકશો. જે બંધુઓ આવા ઉપકારક ખાતાને દાન મોકલી આપવા ઇચ્છતા હોય તેમણે નીચે દર્શાવેલ સ્થળે દાન મોકલી આપવું.

ગિરગામ.	લી. વેદ ધર્મ સેવક.
કાકડવાડી.	ગિરિજાશંકર નિર્ભયરામ.
મુંબઇ નં. ૪	મંત્રી મું. પ્ર. આ. પ્ર. સભા.

॥ ओ३म् ॥

॥ सर्वेषा मेव दानानाम् ब्रह्मदानं विशिष्यते ॥

ગુરૂકુલ ફંડ માટે અપીલ.

પ્રાચીન આર્ય પ્રજાને પેદા કરનારાં આપણાં ગુરૂકુલ છે। વર્ણાશ્રમનો પુનરૂદ્ધાર કરનારૂં આ એકજ ખાતું છે. વળી તત્ત્વવિદ્યાનો ઉદ્ધાર કોણ કરશે? માતૃભાષા સંસ્કૃત તથા નિયમિત અધ્યયન માટે ક્યાં છે? શાબાશ ગુરૂકુલ જેવાં નિરભિમાન ધર્માત્મા રાજભક્ત સ્વાર્થ ત્યાગી નરનારી પેદા કરશે? આધુનિક શિક્ષણની ખામીઓ દૂર કરી ઉત્તમ મનનું પરિશ્રમ વિધાનું તથા ઉત્તમ પ્રેમ વિદ્યાનું સંપૂર્ણ જ્ઞાનભંડારી શરીર રક્ષા તથા મનનો પુરો વિકાસ કરનારૂં કયું ખાતું છે? આવું સંપૂર્ણ શિક્ષણ આપનારૂં ગુરૂકુળ સિવાય બીજું કોઈ ખાતું છે નહિ એવા અદ્વિતીય ખાતાના નિભાવ અર્થે દર વર્ષે હજારો રૂપીઆનો ખર્ચ કરવો પડે છે. તેમજ તેની સ્થાપના કરવા માટે આશ્રમ-શાળા વગેરે બાંધવા માટે એક લાખ રૂપીઆના ફંડની વિશેષ જરૂર છે. રૂા. ૨૫૦ થી માંડીને ગમે તેટલી મોટી રકમ દાન તરીકે મહાન ફંડમાં આપી આ કાર્યમાં મદદ કરવા તથા પોતાનું નામ અમરસ્થાયી કરવા આ સભા સર્વને આગ્રહ કરે છે, મોકલવાની શાખવાની રકમ પણ વસ્તુ મોકલશો તો ઉપકાર સહિત સ્વીકારીશું.

નામ પિતાનું નામ સાથે.	ઠેકાણું પુરૂં.	દાનની વીગત.	રોકડે ઉધાર	વસુલ કરનારની સહી.

ઠેકાણું. મંત્રી આર્ય વિદ્યા સભા કાકડવાડી મુંબાઈ.